આજનો સુવિચાર

તમારી જીત તમારી મહેનત પર નિર્ભર છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૩૦ જૂનાગઢ તા.૧૫-૦૫-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 130, Junagadh : Date : 15 May, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## યુનેસ્કોએ રામચરિત માનસ અને પંચતંત્રને વૈશ્વિક માન્યતા આપી



નવી દિલ્હી તા. ૧૫

ગોસ્વામી તુલસીદાસ દ્વારા લખાયેલ રામચરિતમાનસ અને પંચતંત્રની વાર્તાઓ હવે આખી દુનિયામાં ઓળખાય છે. યુનેસ્કોની ૧૦મી સામાન્ય સભામાં મોટી જાહેરાત કરવામાં આવી છે. રામચરિતમાનસની સચિત્ર હસ્તપ્રતો અને પંચતંત્રની દંતકથાઓની ૧૫મી સદીની હસ્તપ્રતોનો યુનેસ્કો દ્વારા તેના 'મેમરી ઓફ ધ વર્લ્ડ રિજનલ રજિસ્ટર'માં સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૦૨૪ની આવૃત્તિમાં એશિયા પેસિફિકની ૨૦ હેરિટેજ સાઈટનો સમાવેશ થાય છે, જેમાં રામચરિત માનસ અને પંચતંત્રની હસ્તપ્રતો સાથે સહૃદયલોક-લોકન ની પાંડુલિપી નો સમાવેશ પણ થાય છે.

## રીઝર્વ બેંકે નવો નિયમ જારી કર્યો : નેગેટીવ બેલેન્સ હોય તો પણ બેંકો વ્યાજ વસુલ કરી શકશે નહી

નવી દિલ્હી તા. ૧૫

એક સમય હતો જ્યારે બેંક સંબંધિત કામ પૂર્ણ કરવા માટે કલાકો સુધી લાઈનમા રહેવું પડતું હતું. પરંતુ જ્યારથી સ્માર્ટફોન આવ્યા છે અને બેંકિંગ સેવાઓ ઓનલાઈન થઈ ગઈ છે ત્યારથી લગભગ તમામ બેંક સંબંધિત કામ ફોન પર થાય છે. જો કે, તેનાથી કેટલીક સમસ્યાઓ પણ ઊભી થઈ છે. ઘણા લોકોએ હવે એક કરતા વધુ બેંક ખાતા રાખવાનું શરૂ કરી દીધું છે. જેથી બેલેન્સ જાળવવું મુશ્કેલ બન્યું છે અને ઘણી પરિસ્થિતિઓમાં સંતુલન માઈનસમાં પણ જાય છે.

જો તમે બેંકને ખાતું બંધ કરવા માટે કહો છો, તો તમને તે રકમ ચૂકવવા માટે કહેવામાં આવે છે જે માઈનસ છે. હવે ભારતીય રિઝર્વ બેંકે આવી પરિસ્થિતિઓનો સામનો કરી રહેલા ગ્રાહકોને રાહત આપવાનું કામ કર્યું છે. આરબીઆઈના નવા નિયમો અનુસાર, જો તમે મિનિમમ બેલેન્સ ન રાખ્યું હોય તો તે શૂન્ય થઈ શકે છે પરંતુ બેંકો તેના પર વ્યાજ વસૂલ કરીને તેને માઈનસ નહીં કરી શકે જો તમારા ખાતામાં બેલેન્સ માઈનસમાં દેખાઈ રહ્યું હોય તો પણ બેંકો ગ્રાહકને આ રકમ ચૂકવવાનું કહી શકે નહીં. જે બેલેન્સ નેગેટિવ થઈ ગયું છે તેની રકમની માંગ કરવાનો બેંકને અધિકાર નથી. આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ, જો માઈનસ બેલેન્સ હોય તો પણ તમારે એક પણ રૂપિયો ચૂકવવાની જરૂર નથી. આનો અર્થ એ છે કે તમારું બેંક એકાઉન્ટ કોઈપણ વધારાના શુલ્ક વિના બંધ કરી શકાય છે. બેંકો તેના માટે પૈસા લઈ શકતી નથી

### આજે દિલ્હીની ચૂંટણી સભામાં આસામનાં મુખ્યમંત્રી હિમંતા બિશ્વાએ આગાહી કરી

# ભાજપને ૪૦૦ બેઠકો મળશે તો મથુરા, કાશીમાં ભવ્ય મંદિર બનશે : POK ભારતમાં આવી જશે



નવી દિલ્હી, તા.૧૫: આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પૂર્વ દિલ્હી લોકસભા પરથી ભાજપના ઉમેદવાર હર્ષ મલ્હોત્રાના સમર્થનમાં આજે દિલ્હીની એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું કે જો લોકસભા ચૂંટણીમાં ભાજપને ૪૦૦થી વધુ સીટો મળશે તો મથુરામાં ભવ્ય મંદિર બનાવવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે કાશીમાં જ્ઞાનવાપીની જગ્યાએ એક ભવ્ય મંદિર બનાવવામાં આવશે. ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે દેશમાં મુઘલોએ અનેક કારનામા કર્યા છે. તેમાંથી ઘણાને હજુ સાફ કરવાના બાકી છે. હિમંતાએ કહ્યું કે જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે કહેવામાં આવતું હતું કે કાશ્મીર ભારતની સાથે સાથે પાકિસ્તાનમાં પણ છે અને સંસદમાં એવી કોઈ ચર્ચા નહોતી થઈ કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર પણ ભારતનું છે, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં પણ, લોકો ભારતીય ધ્વજ લઈને ફરતા જોવા મળે છે. તેમણે કહ્યું કે તે કબજો છે પરંતુ વાસ્તવમાં તે અમારો છે. હિમંતાએ કહ્યું કે કોંગ્રેસ અમને વારંવાર પૂછે છે કે અમને ૪૦૦થી વધુ સીટોની જરૂર કેમ છે? મેં કહ્યું કે જ્યારે અમારી પાસે ૩૦૦ બેઠકો હતી ત્યારે અમે ભવ્ય રામ મંદિર બનાવ્યું હતું. હવે અમારી પાસે ૪૦૦ બેઠકો હશે તો મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ પણ બનાવવામાં આવશે અને જ્ઞાનવાપી મસ્જિદની જગ્યાએ બાબા વિશ્વનાથનું ભવ્ય મંદિર બનાવવામાં આવશે. અમને સીટો આપતા રહો અને અમે મુઘલોના કાર્યોને સાફ કરતા રહીશું.

## હવે નાફેડમાં પણ ઈફકોવાળી : એક બેઠક માટે ભાજપના મોહન કુંડારીયા સહિત ભાજપનાં પાંચ આગેવાનોએ ઉમેદવારી નોંધાવી

અમદાવાદ તા. ૧૫

દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારની હારના પ્રત્યાઘાતો હજુ શાંત પડ્યા નથી, ત્યાં હવે આવી જ એક બીજી ટોચની સહકારી સંસ્થા એવી નાફેડની ચૂંટણીમાં ભાજપ વિરુધ્ધ ભાજપનો જંગ થવાના એંધાણ જોવા મળી રહ્યા છે. જેમાં ભાજપ સાથે જ સંકળાયેલા પાંચ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

પાર્ટી દ્વારા કોઈ ઉમેદવારને મેન્ડેટ આપવામાં આવ્યો નથી અને આવતીકાલે ફોર્મ પાછા ખેંચવાનો છેલ્લો દિવસ છે, તે પૂર્વે આગામી સમયમાં ક્યાં પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થાય છે, તેના પર ભાજપ સહિત સહકારી આગેવાનોની મીટ મંડાયેલી છે. નાફેડની ૯ બેઠકો માટે આગામી ૨૧મેના રોજ ચૂંટણી યોજાવાની છે. ગુજરાત અને મહારાષ્ટ્રની એક સંયુક્ત બેઠક છે અને તેમાં ગુજરાતમાંથી ભાજપ સાથે સંકળાયેલા પાંચ સહકારી આગેવાનોએ ઉમેદવારી નોંધાવી છે. મંડળી વિભાગની આ બેઠક માટે સાંસદ મોહન કુંડારીયા ઉપરાંત જિલ્લા બેંકના ડાયરેક્ટર મગન વડાવીયા તથા રાધનપુર, સોમનાથ સહિત પાંચ જિલ્લાઓમાંથી સહકારી મંડળીના હોદ્દેદારોએ ફોર્મ ભર્યા હોવાનું સામે આવ્યું છે. આજે ફોર્મ ચકાસણીનો દિવસ હોવાથી ઉમેદવારો દિલ્હીમાં છે, ત્યારે સમાધાન સાધીને સર્વસંમતિ કેળવવા માટેના પણ ભરચક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેની સાથેસાથે ભાજપ તરફથી મેન્ડેટ મેળવવા માટે પણ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

# હવે પાટીલ વિરૂધ્ધ સંઘાણીનો મોર્ચો : ઈફકોની ચૂંટણી બાદ ભાજપ બે ભાગમાં વહેંચાયું

### હું ચૂંટણી પુરી થવાની રાહ જોતો હતો સહકારી ક્ષેત્ર અને ખેડૂતોના હિતમાં જે પણ કરવું પડશે તે કરીશ : દિલીપ સંઘાણી

રાજકોટ,તા.૧૫

ઈફકોની ચૂંટણી બાદ ભાજપ હવે બે ભાગમાં વહેંચાઈ ગયું છે. સહકારી ક્ષેત્રે મેન્ડેટ પ્રથાને લઈ ભાજપમાં જબરજસ્ત સંગ્રામ જોવા મળી રહ્યો છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ સામે ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ મોરચો ખોલ્યો છે. તેમણે કહ્યું, મોરચો ખોલવા ચૂંટણી પૂરી થવાની રાહ જોતો હતો. કાર્યકરોની પીડા દૂર નહીં થાય તો પક્ષને વધુ નુકસાન થશે. આ ઉપરાંત પાટીલને સહકાર ક્ષેત્રે દખલગીરી ન કરવા સલાહ પણ આપી હતી.

દિલીપ સંઘાણીએ કહ્યું, ઈફકોની ચૂંટણીમાં જીત નહીં પણ ઈલુ-ઈલુના જવાબ પર વધુ અભિનંદન મળ્યા. અમરેલીમાં પાટીલના ઈલુ-ઈલુના નિવેદન પર મેં જવાબ આપ્યો હતો. સહકાર અને ખેડૂતોના હિતમાં જે પણ કરવું પડશે તે કરીશ તેમ સંઘાણીએ કહયું હતું.

આમ ઈફકોની ચૂંટણી બાદ ભાજપ સ્પષ્ટપણે બે ભાગમાં વહેંચાઈ ગયું છે. સહકારી ક્ષેત્રે મેન્ડેટ પ્રથાને લઈ ભાજપમાં જબરજસ્ત સંગ્રામ જોવા મળી રહ્યો છે. અમૂલના ચેયરમેને વ્યંગ કરી રાદડિયા પર શાબ્દિક પ્રહાર કર્યા હતા. વિપુલ પટેલે સહકારી ક્ષેત્રમાં મેન્ડેટ પ્રથાને સમર્થન કર્યુ હતું. તેમણે સહકારી ક્ષેત્રે મેન્ડેટ પ્રથાથી સ્થિરતા આવ્યાનો દાવો કર્યો હતો.

ફોર્મ ભર્યા બાદ કેટલાક લોકો હવામાં આવી જતા હોય છે, સહકારી ક્ષેત્રમાં પહેલા ભ્રષ્ટાચાર અને ગોટાળા થતા હતા. મેન્ડેટ પ્રથાથી સહકારી ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર-ગોટાળા બંધ થયા છે. કોંગ્રેસમાંથી આવતા લોકોને પદ આપવાની જવાબદારી ભાજપની છે, તાકાતવાળો માણસ આવે તો ભાજપમાં કાર્યકર બને તેમ પણ વિપુલ પટેલે કહ્યું હતું.

## ૨૦૨૪માં ભારતની અર્થવ્યવસ્થા ૬.૬ ટકાના ગ્રોથ સાથે સડસડાટ દોડશે : મૂડીઝ

નવી દિલ્હી, તા.૧૫: ભારતના ઝડપી અર્થતંત્ર માટે સાત સમંદર પારથી સારા સમાચાર આવ્યા છે. વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીઝે ભારતના વિકાસનો અંદાજ મૂકયો છે. તમામ વૈશ્વિક રેટિંગ એજન્સીઓની જેમ, મૂડીઝ રેટિંગ્સે પણ ભારતના ઝડપી અર્થતંત્રને મંજૂરી આપી છે. ગ્લોબલ રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે ભારતીય અર્થવ્યવસ્થા ચાલુ નાણાકીય વર્ષમાં ૬.૬ ટકાના દરે વૃદ્ધિની અપેક્ષા છે. રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે ઝડપી આર્થિક વૃદ્ધિ સાથે મજબૂત ધિરાણની માંગ એનબીએફસી ક્ષેત્રની નફાકારકતાને ટેકો આપશે અને આ ક્ષેત્રમાં વૃદ્ધિ તરફ દોરી જશે. મૂડીઝ રેટિંગ્સે કહ્યું, 'અમે આશા રાખીએ છીએ કે માર્ચ ૨૦૨૫માં પૂરા થતા નાણાકીય વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા ૬.૬ ટકા અને આગામી નાણાકીય વર્ષમાં ૬.૨ ટકાના દરે વૃદ્ધિ પામશે. આનાથી **NBFCs**માં મજબૂત ધિરાણ વૃદ્ધિ થશે, જે તેમના નફા પર ખર્ચનું દબાણ ઘટાડશે અને ક્ષેત્રને મજબૂત બનાવશે.

## પાન-મસાલા, ગુટખા, ખૈની સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક આરોગ્ય સંભાળ માટે ૧૯૦૦ કરોડ ડોલરનો ખર્ચનો બોજો આવશે

નવી દિલ્હી, તા.૧૫:

દેશમાં ગુટકા, પાન મસાલા, જર્દા કે ખૈની જેવી ધુમાડા વગરની તમાકુની બનાવટો સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક સાબિત થઈ રહી છે અને તેના કારણે થતા રોગોની સારવાર ખૂબ જ મોંઘી સાબિત થઈ રહી છે.

સંશોધકોના મતે, જો આને લગતી નીતિઓ બદલવામાં નહીં આવે, તો દેશમાં જે લોકો તેનો ઉપયોગ કરે છે તેમના જીવનકાળ દરમિયાન લગભગ રૂ. ૧,૫૮,૭૦૫ કરોડ ($૧,૯૦૦ કરોડ) આરોગ્ય સંભાળ પર ખર્ચવામાં આવશે. તેનો સૌથી મોટો બોજ મોઢાના કેન્સરની સારવાર પર થતા ખર્ચના રૂપમાં પડશે. ભારતની સાથે સાથે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને યુકેની વિવિધ સંસ્થાઓના સંશોધકોએ પણ આ અભ્યાસમાં સહયોગ આપ્યો છે.

## ભાજપનો કલાઈમેકસ આવી ગયો છે : શંકરસિંહ વાઘેલા

રાજકોટ,તા.૧૫

મંગળવારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ કાગવડ સ્થિત ખોડલધામ મંદિરે દર્શન કરવા પહોંચ્યા હતા. જ્યાં ખોડલધામના ટ્રસ્ટી નરેશ પટેલે સહિતના ટ્રસ્ટીઓ દ્વારા શંકરસિંહનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ તકે શંકરસિંહ વાઘેલા ક્ષત્રિય આંદોલનને લઈને મોટું નિવેદન આપ્યું હતુ. પી.ટી. જાડેજાની ઑડિયો ક્લિપ બાદ ક્ષત્રિય સંકલન સમિતિના ફાંટા પડવા અંગે શંકરસિંહે જણાવ્યું કે, સંકલન સમિતિ પરમેનેન્ટ છે. ફક્ત આ કામ માટે સંકલન સમિતિ નહતી. જે દિવસે રાજકોટ લોકસભાની ચૂંટણી પૂરી થઈ, તે દિવસથી આ કામ પુર્ણ થાય છે. સંકલન સમિતિના મિત્રો મળવાના છે. ઈફકોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવાર બિપીન પટેલ ગોતા જયેશ રાદડિયા સામે હાર્યા તે અંગેના જવાબમાં શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, દરેકની ચડતી-પડતી આવે છે. દરેકનો એક ચોક્કસ સમય હોય છે. ભાજપનો ક્લાઈમેક્સ આવી ગયો છે તેમ શંકરસિંહે જણાવ્યું હતું.

## સૌરાષ્ટ્ર - દ.ગુજરાતમાં વરસાદની આગાહી

અમદાવાદ તા. ૧૫

હવામાન વિભાગની આગાહી અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યને કમોસમી વરસાદે ઘમરોળ્યું હતુ અને ધુળની ડમરીઓ સાથેની આંધી અને મીની વાવાઝોડા જેવી સ્થિતિ રાજ્યના અનેક જિલ્લાઓમાં સર્જાઈ હતી. તેના કારણે ખેડૂતોના ઉભા પાકને નુકસાન પહોચ્યું હતું. હજુ પણ હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી બે દિવસ રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદની શક્યતાઓ છે. જોકે મોટાભાગના જિલ્લાઓનું વાતાવરણ ગરમ રહેશે. મહત્વનું છે કે, ગઈ કાલ સુધી સમગ્ર ગુજરાત રાજ્યમાં હવામાન વિભાગે વરસાદની શક્યતા વ્યક્ત કરી હતી. જો કે સોમવારે સાંજે આવેલા આંધી અને કમોસમી વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી, તેથી ગઈકાલે અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ખૂબ જ ઓછું નોંધાયું હતું. આજે પણ હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અને તેમાં પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં જામનગર, સુરેન્દ્રનગર અને બોટાદ સિવાયના તમામ જિલ્લાઓમાં તથા દક્ષિણ ગુજરાતમાં ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે સામાન્ય વરસાદ વરસી શકે છે.

## વકિલો ગ્રાહક સુરક્ષાનાં દાયરામાં નથી આવતા સુપ્રિમ કોર્ટે વકિલોને મોટી રાહત આપી

નવી દિલ્હી તા. ૧૫ : સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય આપતા કહ્યું કે વકીલોની 'ખરાબ સેવા' માટે ગ્રાહક કોર્ટમાં કેસ દાખલ કરી શકાય નહીં. વકીલો ગ્રાહક સુરક્ષા કાયદાના દાયરામાં આવતા નથી. જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટીસ પંકજ મિત્તલની ખંડપીઠે કહ્યું કે ફી ભરીને કોઈ પણ કામ કરાવવાને ગ્રાહક સુરક્ષા કાયદાના 'સેવા'ના દાયરામાં રાખી શકાય નહીં. કોર્ટે કહ્યું કે વકીલો જે પણ સેવા આપે છે તે પોતાનામાં અલગ છે. આવી સ્થિતિમાં તેમને આ કાયદાથી દૂર રાખવા જોઈએ.

ખંડપીઠે કહ્યું કે કાયદાકીય વ્યવસાયની તુલના અન્ય કોઈ કામ સાથે કરી શકાય નહીં. વ્યવસ્થાએ વકીલ અને ક્લાયન્ટ વચ્ચે ખાનગી રીતે કરાર કરાયેલી સેવાનો એક પ્રકાર છે. આવી સ્થિતિમાં જો કોઈ ઉણપ હોય તો વકીલને ગ્રાહક કોર્ટમાં ખેંચી શકાય નહી. જો કે, જો વકીલો ગડબડ કરે તો તેમની સામે સામાન્ય કોર્ટમાં કાર્યવાહી થઈ શકે છે. ગ્રાહક પંચનો નિર્ણય રદ સુપ્રીમ કોર્ટે ૨૦૦૭ના ગ્રાહક આયોગના નિર્ણયને રદ કર્યો. આ નિર્ણયમાં એવું કહેવામાં આવ્યું હતું કે જો વકીલો ગ્રાહકના અધિકારોને ધ્યાનમાં રાખીને યોગ્ય સેવા નહીં આપે તો તેમને ગ્રાહક અદાલતમાં લઈ જઈ શકાય છે. આ નિર્ણયમાં કહેવામાં આવ્યું હતું કે વકીલોની સેવાઓ પણ કલમ ૨ (1) O હેઠળ આવે છે, આવા કિસ્સામાં તેમની સામે ગ્રાહક કોર્ટમાં કેસ દાખલ કરી શકાય છે. જોકે, એપ્રિલ ૨૦૦૯માં જ સુપ્રીમ કોર્ટે કન્ઝ્યુમર કમિશનના આ નિર્ણય પર રોક લગાવી દીધી હતી.

હાલમાં બાર કાઉનસિલ ઓફ ઈન્ડિયાના આંકડા મુજબ દેશમાં લગભગ ૧૩ લાખ વકીલો છે. કમિશનના નિર્ણય સામે અનેક વકીલ સંગઠનોએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. વકીલોનું કહેવું છે કે તેમને તેમનું કામ કરવા માટે સુરક્ષા અને સ્વતંત્રતાની જરૂર છે. સુપ્રીમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ્સ એસોસિએશનએ કહ્યું કે કાનૂની સેવાઓ કોઈપણ વકીલના નિયંત્રણ હેઠળ નથી. વકીલોએ નિયત માળખામાં કામ કરવાનું હોય છે. નિર્ણય પણ વકીલોના નિયંત્રણમાં નથી. આવી સ્થિતિમાં કેસના પરિણામ માટે વકીલોને જવાબદાર ઠેરવી શકાય નહીં.

## ખોડલધામ ટુર

**મથુરભાઈ વાગડીયા**
**જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭**

**(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ**
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪

**(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ**
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪

**(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા**
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

## ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૯ ૦૫૫૯૨**
**જૂનાગઢ**

## જોઈએ છે

જૂનાગઢનાં ફેમસ શો-રૂમમાં
વર્ક કરી શકે તેવા લેડીઝ - જેન્ટસ જોઈએ છે
સેલ્સ ગર્લ્સ જોઈએ છે
**મો. ૯૯૭૮૯ ૫૪૧૫૫**



### મનીષા પહેલી જ ફિલ્મથી દરેક ઘરમાં પોપ્યુલર થઈ ગઈ હતી

# દાદા પીએમ રહી ચૂક્યા છે, પિતા મંત્રી, રાજકીય પરિવારમાંથી આવે છે મનીષા કોઈરાલા



**મનીષા કોઈરાલાએ સુભાષ ઘાઈની ફિલ્મ સૌદાગરથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી**

મુંબઈ, તા.૧૫

આજે આપણે એક એવી બોલિવુડ સ્ટાર વિશે વાત કરીશું, જેમણે ભયંકર રોગને પણ માત આપી છે અને સ્વસ્થ થયા બાદ તેના પર પુસ્તક પણ લખી ચુકી છે. આજે પણ તેની એક્ટિંગને અન્ય કોઈ સ્ટાર પહોંચી શકે નહિ, તો આજે આપણે મનીષા કોઈરાલાના પરિવારના સભ્યો વિશે જાણીશું મનીષા કોઈરાલાનો જન્મ ૧૬ ઓગસ્ટ ૧૯૭૦ રોજ થયો છે. જે એક નેપાળી અભિનેત્રી છે જે બોલિવુડની ફિલ્મોમાં કામ કરે છે,તેમણે ત્રણ ફિલ્મફેર પુરસ્કારો અને એક ફિલ્મફેર પુરસ્કાર સાઉથ સહિત અનેક એવોર્ડ મેળવ્યા છે.મનીષા કોઈરાલાના માતા-પિતાનું નામ પ્રકાશ કોઈરાલા અને સુષ્મા કોઈરાલા છે. આ દંપતીને બે બાળકો છે. સિદ્ધાર્થ કોઈરાલા અને મનીષા કોઈરાલાએ સમ્રાટ દહલ સાથે લગ્ન કર્યા હતા પરંતુ આ લગ્ન થોડા જ મહિના ચાલ્યા હતા.તે પ્રકાશ કોઈરાલાની પુત્રી અને નેપાળના ભૂતપૂર્વ વડા પ્રધાન બિશ્વેશ્વર પ્રસાદ કોઈરાલાની પૌત્રી છે. મનીષા વિશે કદાચ બહુ ઓછા લોકો જાણતા હશે કે અભિનેત્રી પણ કેન્સરનો શિકાર બની છે. કેન્સર જેવી ખતરનાક બિમારી સામે લડતી વખતે તેમણે ક્યારેય હાર ન માની અને આ રોગને પણ હરાવ્યો.મનીષા કોઈરાલા કેન્સરને હરાવીને ફરી એકવાર ફિલ્મોમાં સક્રિય થઈ છે.નેપાળના પરિવારમાંથી આવતી મનીષા કોઈરાલાએ પોતાના જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે.મનીષા કોઈરાલા નેપાળના રાજવી પરિવાર સાથે સંબંધ ધરાવે છે પરંતુ તેમનું બાળપણ ખૂબ જ સામાન્ય વાતાવરણમાં વીત્યું હતું. મનીષાના દાદાએ તેના પિતાને નેપાળના રાજકીય આંદોલનમાં ઉતાર્યા હતા અને મનીષાને બનારસમાં દાદી પાસે મોકલી હતી. તેની દાદી ભરતનાટ્યમની મણિપુરી ડાન્સર હતી. જ્યારે તેની માતા કથક ડાન્સર છે,શાસ્ત્રીય ગીત-સંગીત સાથે શાનદાર માહોલ જોવા મળ્યો હતો અને ૩ વર્ષની ઉંમરથી જ તેમણે અલગ અલગ નૃત્યો શીખવાના શરુ કર્યા હતા. મનીષાએ જણાવ્યું કે, શાસ્ત્રીય સંગીત,નૃત્ય, પુસ્તક, સાહિત્ય, દર્શનશાસ્ત્ર આ તમામ તેના ઉછેરનો એક ભાગ હતો. મનીષા છે નેપાળની પરંતુ તેનું બાળપણ ઉત્તરપ્રદેશમાં વીત્યું છે. તેના પિતા પ્રકાશ કોઈરાલા નેપાળ સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે અને પૂર્વ પર્યાવરણ મંત્રી પણ રહી ચુક્યા છે. જ્યારે દાદા બીપી ઉર્ફે બિશ્વેશર પ્રસાદ કોઈરાલા ૧૯૫૦ અને ૬૦ના દાયકામાં નેપાળના વડાપ્રધાન રહી ચૂક્યા છે. બીપી કોઈરાલાના પરિવારનો બનારસ સાથે ખાસ સંબંધ હતો.મનીષા કોઈરાલા ૯૦ના દાયકાની હિટ અભિનેત્રી હતી. તેમણે ૨૦૧૦માં નેપાળના ઉદ્યોગપતિ સમ્રાટ દહલ સાથે લગ્ન કર્યા હતા. બંન્નેના આ લવ મેરેજ હતા. આ લગ્નમાં બોલિવુડથી લઈ અનેક સ્ટાર પહોંચ્યા હતા. પરંતુ લગ્નના ૨ વર્ષ બાદ ૨૦૧૨માં બંન્ને છુટાછેડા લઈ લીધા હતા.તમને જણાવી દઈએ કે, મનીષાને ૨૦૧૨માં કેન્સર થયું હતુ. જેની સર્જરી ન્યુયોર્કમાં કરાવી હતી. અનેક સર્જરી અને કીમોથેરેપી બાદ આ તમામમાંથી બહાર આવી હતી. ત્યારબાદ તેમણે કેન્સર સાથે જોડાયેલા અનુભવ પર એક પુસ્તક લખ્યું છે. જેનું નામ છે હીલ્ડ, મનીષા કોઈરાલાએ ‘હીરામંડી’માં મલ્લિકાજનની ભૂમિકા ભજવી છે. લોકોએ તેની એક્ટિંગને ખૂબ પસંદ કરી છે. વેબ સિરીઝને પણ દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મનીષાએ આ સિરીઝમાં મલ્લિકાજનની ભૂમિકા ભજવી હશે. પરંતુ તેના વાસ્તવિક જીવનમાં તે માતા બની શકી નથી. તેનું દુખ પણ અભિનેત્રી વ્યક્ત કરી ચુકી છે.

### સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસ

# પોલીસને વધુ એક સફળતા મળી, છઠ્ઠો આરોપી હરિયાણામાંથી ઝડપાયો

**૧૪ એપ્રિલના રોજ સવારે બાઇક પર આવેલા બે શૂટરોએ સલમાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ પર પાંચ રાઉન્ડ ફાયરિંગ**

મુંબઈ, તા.૧૫

સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવાના કેસમાં મુંબઈ પોલીસે છઠ્ઠા આરોપીની ધરપકડ કરી છે. થોડા દિવસો પહેલા પોલીસે આ કેસના પાંચમા આરોપી મોહમ્મદ ચૌધરીની રાજસ્થાનથી ધરપકડ કરી હતી. માહિતીમાં કહેવામાં આવ્યું છે કે ધરપકડ કરાયેલ વ્યક્તિનું નામ હરપાલ સિંહ છે.એપ્રિલમાં સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની ઘટનાએ સમગ્ર ઈન્ડસ્ટ્રી અને બોલિવૂડના ચાહકોને ચોંકાવી દીધા હતા. ૧૪મી એપ્રિલે બનેલી આ ઘટના બાદથી મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચ આ કેસની સતત તપાસ કરી રહી છે, હવે આ કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવાના કેસમાં મુંબઈ પોલીસે છઠ્ઠા આરોપીની ધરપકડ કરી છે. થોડા દિવસો પહેલા પોલીસે આ કેસના પાંચમા આરોપી મોહમ્મદ ચૌધરીની રાજસ્થાનથી ધરપકડ કરી હતી. સલમાનના ઘરે ફાયરિંગ કરવાના કેસમાં મુંબઈ પોલીસે છઠ્ઠા આરોપીની હરિયાણાથી ધરપકડ કરી છે. માહિતીમાં કહેવામાં આવ્યું છે કે ધરપકડ કરાયેલ વ્યક્તિનું નામ હરપાલ સિંહ છે. હરપાલ પર મોહમ્મદ રફીક ચૌધરીને પૈસા આપવા અને રેકી કરવા માટે કહેવાનો આરોપ છે. પોલીસે આ કેસમાં પહેલા પંજાબમાંથી બે આરોપીઓની ધરપકડ કરી હતી. જે બાદ ગુજરાતના ભુજમાં બે આરોપી ઝડપાયા હતા. હવે રાજસ્થાન અને હરિયાણામાંથી થયેલી ધરપકડ દર્શાવે છે કે સલમાનના ઘર પર હુમલાનો આ મામલો કેટલો મોટો છે. ૧૪ એપ્રિલના રોજ સવારે બાઈક પર આવેલા બે શૂટરોએ સલમાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ પર ૫ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. એક ગોળી સલમાનના ઘરની દિવાલ પર વાગી હતી, જ્યારે બીજી ગોળી સલમાનના ઘરની જાળીને વીંધીને તેના ઘરની અંદરના ડ્રોઈંગ રૂમની દિવાલ પર વાગી હતી. ફાયરિંગ કરનાર હુમલાખોરો તેમની બાઈક સ્થળ પર જ છોડીને ફરાર થઈ ગયા હતા. પોલીસે આ બે શૂટર્સ વિકી ગુપ્તા (૨૪ વર્ષ) અને સાગર પાલ (૨૧ વર્ષ)ની ગુજરાતના ભુજમાંથી ધરપકડ કરી હતી. થોડા દિવસો પહેલા આ કેસમાં મોટો વળાંક એ આવ્યો હતો કે પંજાબમાંથી ધરપકડ કરાયેલ અનુજ થાપને પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરી લીધી હતી. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈએ આ હુમલાની જવાબદારી લેતા સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી. આજ તક આ દાવાની પુષ્ટિ કરતું નથી. પરંતુ એટલું ચોક્કસ છે કે પોલીસે આ કેસમાં લોરેન્સ બિશ્નોઈ અને તેના ભાઈ અનમોલ બિશ્નોઈને મુખ્ય આરોપી બનાવ્યા છે.

# ધોરણ ૧૨ સાયન્સની પૂરક પરીક્ષાના ફોર્મ ભરાવવા શરૂ : ૧૭મીથી સ્કૂલમાંથી માર્કશીટનું વિતરણ થશે

**આગામી ૨૧ મેના સાંજના પાંચ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરી શકે છે**

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ સહીત રાજયનાં ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર છે. જે વિદ્યાર્થીઓ પોતાના પરિણામને સુધારવા માંગે છે તેવા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી પોતાનું પરિણામ સુધારી શકે છે. જે અંતર્ગત પૂરક પરિક્ષાના ફોર્મ ભરવાની તારીખ જાહેર થઈ છે. આગામી ૨૧ મેના સાંજના પાંચ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. બીજી બાજુ, ધોરણ ૧૨ સાયન્સની માર્કશીટનું ૧૭મેથી સ્કૂલમાંથી વિતરણ થશે. ગુજકેટની માર્કશીટ પણ સ્કૂલમાંથી મળશે. બોર્ડ દ્વારા ૧૬ મેના રોજ માર્કશીટ સ્કૂલને પહોંચાડવામાં આવશે. ગત ૯ મેના રોજ બોર્ડ દ્વારા ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવ્યુંહતું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં લેવાયેલી ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે અને આ વખતે ધોરણ ૧૨ સાયન્સનું ૮૨.૪૫ ટકા પરિણામ જાહેર થયું છે. જોકે આ પરીક્ષાના પરિણામમાં વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષયમાં ગેરહાજર રહ્યા હોય કે પછી એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થયા હોય તેઓ માટે માર્કશીટમાં સુધારણાને અવકાશ છે. જે વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપવા ઈચ્છતા હોય તે વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૨૪ની પુરક પરીક્ષા આપી શકે છે. પોતાના પરિણામને સુધારવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓ પણ ધોરણ ૧૨ સાયન્સની ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા પૂરક ૨૦૨૪ આપી શકે છે. પુરક પરીક્ષાનુ ફોર્મ ઓનલાઈન ભરી શકાશે.

આ પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. વિદ્યાર્થીઓ માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઈન કરવાની રહેશે. પરીક્ષાનું ફોર્મ તેમજ ફી ૧૪ મે સાંજે ૪ વાગ્યાથી ૨૧ મે સાંજે પાંચ વાગ્યા સુધી ઓનલાઈન કરી શકાશે. ઉલ્લેખનીય છે કે, કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકાર દ્વારા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો જે તે વિષયના પરીક્ષા આપવા ઈચ્છતા હોય તે ફોર્મ ઓનલાઈન સબમીટ કરવું ફરજીયાત છે. આવા ઉમેદવારોએ કન્યા કે દિવ્યાંગ ઉમેદવારના સીટ નંબર સામે ટીકમાર્ક કરી રજીસ્ટ્રેશન કરવું. જે ઉમેદવારોએ ટીકમાર્ક નહીં કર્યુ હોય તે ઉમેદવારો પુરક પરીક્ષા આપી શકશે નહીં. આ વખતે બોર્ડ દ્વારા આ મહત્વનો નિર્ણય કરાયો છે. જે મુજબ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થી આખે આખી એક્ઝામ ફરી આપવા ઈચ્છતો હોય તો તે વિદ્યાર્થી પરીક્ષા આપી શકશે. એટલું જ નહીં, આ બંને પરિણામમાં બેસ્ટ ઓફ ટુ ધ્યાને લેવાશે. સાથે ધોરણ ૧૨ બાદ કરિયરને લગતા કોર્સમાં કે ACPCના કોર્સમાં પણ કે પરિણામ ઊંચું હશે તે ધ્યાને લેવાય તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે

### કેદીઓના વાહન પર ફિલ્મી સ્ટાઈલમાં હુમલો...

# ફાયરિંગ અને હુમલાખોરોએ તેમના સાથીને છોડાવ્યો, બે પોલીસકર્મીઓના મોત

નવી દિલ્હી, તા.૧૫

ફ્રાન્સમાં એક કેદીને છોડાવવા માટે બદમાશોએ જેલ વાન પર ફિલ્મી સ્ટાઈલમાં હુમલો કર્યો હતો. બંદૂકધારી હુમલાખોરોના ગોળીબારમાં બે પોલીસકમીઓના મોત થયા છે, જ્યારે ત્રણ સૈનિકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. પોલીસે જણાવ્યું કે ગુનેગારોને પકડવા માટે એક મોટું સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.પોલીસે જણાવ્યું હતું કે સમગ્ર યુરોપમાં ડ્રગ સંબંધિત હિંસાની વધતી ઘટનાઓ વચ્ચે આયોજિત હુમલો થયો છે. આ ઘટના ઉત્તરી ફ્રાન્સના યુરે પ્રદેશમાં ઈન્કારવિલેમાં એક ટોલ બૂથ પર સવારે ૯ વાગ્યે બની હતી. પોલીસે જણાવ્યું કે ઘટના બાદ અજાણ્યા હુમલાખોરો અને કેદીઓ સ્થળ પરથી ભાગી જવામાં સફળ રહ્યા હતા.સોશિયલ મીડિયા પરના ચિત્રોમાં ઓછામાં ઓછા બે માસ્ક પહેરેલા માણસો રાઈફલ્સ લઈને જ્વાળાઓમાં લપેટાયેલી એસયુવીની નજીક ફરતા દેખાય છે. એવું લાગી રહ્યું હતું કે જેલ વાનના આગળના ભાગમાં અથડાયા બાદ એસયુવીમાં આગ લાગી હતી. સ્થાનિક મીડિયા અહેવાલોમાં, ભાગેડુ કેદીની ઓળખ ૩૦ વર્ષીય મોહમ્મદ એ તરીકે થઈ છે.ફ્રાન્સના પોલીસ સૂત્રએ જણાવ્યું હતું કે માર્સેલીમાં તેની ઉશ્કેરણી પર હત્યા કરવામાં આવી હોવાની શંકા છે અને તે શહેરની શક્તિશાળી ‘બ્લેક’ ગેંગ સાથે સંબંધ ધરાવે છે. ગૃહમંત્રી ગેરાલ્ડ ડારમેનિને કહ્યું કે ગુનેગારોને પકડવા માટે મોટા પાયે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.તમને જણાવી દઈએ કે સમગ્ર યુરોપમાં ડ્રગ્સ ક્રાઈમ ઝડપથી વધી રહ્યો છે. તાજેતરના વર્ષોમાં અહીં કોકેઈનનું પૂર આવ્યું છે.

# ભીડુ પરવાનગી વગર બોલશે તો ૨ કરોડનો દંડ ભરવો પડશે!

મુંબઈ, તા.૧૫

જેકી શ્રોફનો એક મજબૂત ચાહક વર્ગ છે. જ્યારે તે પોતાની સ્ટાઈલમાં ભીડુ કહે છે ત્યારે લોકો પાગલ થઈ જાય છે. એટલું જ નહીં, તેની બોલવાની રીત, તેની ચાલ, તેના હાવભાવ અને અવાજનું મોડ્યુલેશન પણ અન્ય કલાકારોથી તદ્દન અલગ છે. જેકીએ તેની નારાજગી વ્યક્ત કરી છે કે તેના વ્યક્તિત્વનો પરવાનગી વગર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અભિનેતાએ તેની સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. જેકીની અરજી અનુસાર, તે દિલ્હી હાઈકોર્ટ પાસેથી તેના નામ, પસંદગી અને ભીડુ શબ્દના ઉપયોગ અંગે સત્તા માંગે છે. તેણે ૧૪ મેના રોજ આ અરજી દાખલ કરી હતી. તેમણે માંગણી કરી છે કે જે કોઈ તેમના નામ, ફોટો, અવાજ અને ભીડુ શબ્દનો પરવાનગી વગર ઉપયોગ કરે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ૨ કરોડ ૧૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવે. હાઈકોર્ટે હાલમાં તમામ આરોપીઓ સામે સમન્સ જારી કર્યા છે અને MEITY (ડિપાર્ટમેન્ટ ઓફ ટેક્નોલોજી અને મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી)ને પણ નિર્દેશ આપ્યો છે કે જ્યાંથી અભિનેતાના અંગત અધિકારોનો બિનસત્તાવાર રીતે ઉપયોગ કરવામાં આવે છે . કોર્ટ ૧૫ મેના રોજ વધુ નિર્ણય આપી શકે છે. જેકીના વકીલ પ્રવીણ આનંદે કોર્ટને કહ્યું કે આવું કરીને તેમની છબી ખરાબ થઈ રહી છે. અશ્લીલ મીમ્સમાં તેમના નામનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ડો. રશ્મિ પી. બાલચંદાણી B.A.M.S.
Mo. 74859 53500
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૯૨ ૨૪૦૯૪

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા..
ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
‘‘સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે’’
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

### આવતીકાલ તા.૧૬ મે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ ઉજવાશે

# જૂનાગઢ મનપા દ્વારા 'ચાલો સૌ સાથે મળી ડેન્ગ્યુ ઉપર નિયંત્રણ મેળવીએની' ઝુંબેશ હાથ ધરાઈ

જૂનાગઢ, તા.૧૫

ચોખ્ખા અને બંધીયાર પાણીમાં પેદા થતો એડીસ પ્રકારના ચેપી માદા મચ્છર દ્વારા તંદુરસ્ત વ્યક્તિને દિવસે કરડવાથી ડેન્ગ્યુ રોગ ફેલાય છે. ચોમાસા ઋતુમાં વરસાદી પાણીના નાના મોટા પાત્રોમાં ભરાવાથી એડીસ પ્રકારના મચ્છર પેદા થાય છે. જે નાના મોટા પાત્રોમાં પાણીનો નિકાલ કરવાથી મચ્છર તેમાં ઈંડા મૂકી શકતા નથી. આવી રીતે રોગથી સ્વયંભુ બચી શકાય છે.

ભારત સરકાર દ્વારા ડેન્ગ્યુ નિયંત્રણ અભિયાન અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા અન્વયે આ ઉદેશને સાકાર કરવા સઘન ઝુંબેશ શરૂ કરેલ છે જેના ભાગરૂપે હાથ ધરવાની થતી જુદી જુદી પ્રવુતિઓનું આયોજન અને અમલીકરણને કારણે જૂનાગઢ મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૨૧ કરતાં વર્ષ ૨૦૨૨માં ડેન્ગ્યુંમાં ૬૦% ઘટાડો હાંસલ કરેલ છે તેમજ વર્ષ ૨૦૨૨ કરતાં વર્ષ ૨૦૨૩માં ડેન્ગ્યુંમાં ૬૬% ઘટાડો હાંસલ કરેલ છે. જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલુ વર્ષમાં એપ્રિલ-૨૦૨૪ માં ડેન્ગ્યું કેસ-૦ નોંધાયેલ છે.









**NVBDCP** પ્રોગામ અંતર્ગત જાહેર કરેલ દર વર્ષની જેમ ૧૬મી, મે, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રિય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેમાં દર વર્ષે જેમ એક થીમ – **"Connect with Community, Control Dengue"** (ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ ઉપર નિયંત્રણ્ મેળવીએ) ઉજવણી કરવામાં આવે છે. જેનો હેતુ ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોના અસરકારક નિયંત્રણ/ નાબુદી માટે વિવિધ આઈ.ઈ.સી. માધ્યમથી જનજાગૃતિ કેળવવા જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવાની હોય છે. તેમજ ૧૬મી, મે, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રિય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવણીમાં ફિલ્ડ કામગીરીની વિગતમાં જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં મ.પ.હે.વ., ફી.હે.વ., આશા અને અન્ય આરોગ્ય કર્મચારી ની ૬૦ ટીમ દ્વારા દરેક અર્બન હેલ્થ સેન્ટ્રોમાં હાઉસ ટુ હાઉસ રૂબરૂ ઘરોની ફિલ્ડ મુલાકાત કરી સર્વેલન્સ, પોરાનાશક, આરોગ્ય શિક્ષણ કામગીરી માં બેનર અને પોસ્ટર લગાવવા, પત્રીકા વિતરણ અન્ય આરોગ્ય શિક્ષણની કામગીરીની ઝુંબેશ ગત તા.૧૦-૦૫-૨૦૨૪થી તા.૨૫-૦૫-૨૦૨૪ સુધી હાથ ધરવામાં આવેલ છે. ડેન્ગ્યુ રોગથી લોકોએ ગભરાવવાની કે ખોટી દહેશત ફેલાવવાની જરૂર નથી. ડેન્ગ્યુ તાવના લક્ષણો જણાય તો નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર/ સામુહિક આરોગ્ય કેન્દ્ર/સરકારી હોસ્પિટલો કે આરોગ્ય કાર્યકરનો તાત્કાલિક સંપર્ક કરીને લેબોરેટરી પરીક્ષણ કરાવી સારવાર લેવા વિનંતી. વાહકજન્ય રોગોનો ફેલાવો અટકાવવા માટે રાજ્ય સરકારના ઘનિષ્ઠ પ્રયત્નોને ત્યારે જ સફળતા મળે કે જ્યારે પ્રજાજનો સહકાર આપે. લોકોની સુખાકારી એ સરકારની જવાબદારી છે, પરંતુ સહકાર મળવો એ અનિવાર્ય છે. એમ ડો. ચંદ્રેશ વ્યાસ, આરોગ્ય અધિકારીશ્રી મહાનગરપાલિકા જુનાગઢની યાદી જણાવે છે.

## વિસાવદર સબ ડીવીઝન ન.(૧)ના પાવરચોરીના ચાર દાવામાં માત્ર દોઢ જ મહિનામાં રકમ ભરવા આદેશ કરતી કોર્ટ

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧૫

વિસાવદર સિવિલ કોર્ટમાં પી.જી.વી.સી. એલ.કંપનીના સબ ડિવિઝન નંબર (૧)ના કાર્યક્ષેત્રમાં આવતા જુદા જુદા ગામના લોકો દ્વારા પોતાના રહેણાંકી મકાને પી.જી.વી.સી.એલ. કંપનીની હળવા દબાણની લાઈનમાં આંકડા મારી પીળા કલરના સર્વિસ વાયરને જોડી પોતાના રહેણાંકી મકાનમાં વીજ વપરાશ કરતા હોય આ બાબતે વીજ ચેકીંગ કરાતા તેઓ પાવરચોરી કરતા પકડાઈ ગયેલા જેથી તેમની સામે પાવરચોરીની પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ ત્યારબાદ કંપની તરફથી બિલ મોકલવામાં આવેલ જે પાવરચોરીના વિજબીલની રકમ પ્રતિવાદી દ્વારા વિજકચેરીમાં ભરપાઈ ન કરતા કંપની વતી નાયબ ઈજનેર દર્શનાબેન વિસાવાડિયા દ્વારા વિસાવદર કોર્ટમાં પી.જી.વી.સી.એલ.ના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા તા.૧૧/૦૩/૨૪ના રોજ ચાર દાવા દાખલ કરેલ ત્યારબાદ પણ પ્રતિવાદીઓને રકમ ભરવા તથા સમાધાન માટેની તક આપવા છર્તા પ્રતિવાદીઓ કોર્ટમાં હાજર રહેલા નહિ. આ કામમાં ઘણા જ ટૂંકાગાળામાં એટલે કે દોઢ માસ જેટલા સમયમાં તેમની સામેના દાવાઓ ચાલી જતા વિસાવદર સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા પ્રતિવાદીને દાવાવાળી રકમ તથા તેના ઉપરના ડી.પી.સી.ચાર્જ સહિતની રકમ,વકીલ ફી તથા કોર્ટ ફી સહિતની રકમ ચૂકવવાનો માત્ર દોઢ મહિના જેવા સમયગાળામાં હુકમ કરતા પાવરચોરી કરી વિજબીલની રકમ વર્ષો સુધી નહિ ચૂકવતા લોકોમાં ફફડાટ મચી ગયેલ છે અને કોર્ટોમાં વર્ષોસુધી કેસ ચાલે તેવી માન્યતા ઉપર પડદો પડી ગયેલ છે.આ કામમાં પી.જી.વી.સી.એલ. કંપની તરફથી વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશી રોકાયેલ હતા.

## જૂનાગઢ જીએમઇઆરએસ જનરલ હોસ્પિટલ ખાતે આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસની થયેલ ઉજવણી





જૂનાગઢ, તા. ૧૫

જૂનાગઢની જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતા પંકજભાઈ ભીમાણીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તારીખ ૧૨ મે આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસની ભવ્યથી અતિ ભવ્ય ઉજવણી જૂનાગઢની જીએમઆરએસ જનરલ હોસ્પિટલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટ, સીડીએમઓ ડો.પાલા લાખણોત્રા, આર.એમ.ઓ. તેમજ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ હેમલત્તા પટેલ મેડમ, એ.એન.એસ ખાસ હાજરી આપેલ હતી. નર્સિંગ દિવસની ઉજવણી ખૂબ જ સાદગી પૂર્વક ઉજવવામાં આવી હતી જેમાં હોસ્પિટલમાં દાખલ થયેલ સગર્ભા મહિલાઓને તથા દર્દીઓને ફ્રુટ નું વિતરણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે તબીબી અધિકક્ષ ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટે નર્સિંગ સ્ટાફની કાર્યસૂચિને બિરદાવી હતી. અને વિશેષમાં હોસ્પિટલમાં રંગોળીની સ્પર્ધા કરવામાં આવેલ હતી. આવ ઉજવણીમાં જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના તબીબીઓ, વહીવટી સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, વર્ગ ત્રણ અને ચાર ના કર્મચારીઓ સહિતના લોકોએ હાજરી આપી હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

## પ્રાંચી તીર્થ ખાતે કોળી સમાજમાં શનિવારે વિનામૂલ્યે નેત્ર નિદાન, દંત યજ્ઞ, હાર્ડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પનું આયોજન

(જાદવભાઈ ચુડાસમા દ્વારા)

પ્રાંચી, તા.૧૫

પ્રાંચી તીર્થ ખાતે તા.૧૮/૫/૨૦૨૪ને શનિવારના રોજ કોળી સમાજ ભવન વેરાવળ -કોડીનાર હાઈવે રોડ ઉપર વિનામૂલ્ય સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ નિદાન કેમ્પ તથા દંત યજ્ઞ, હાર્ડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં રણછોડદાસજી આંખની હોસ્પિટલ રાજકોટના સેવાભાવી ડોકટરો તથા સ્ટાફ પોતાનું યોગદાન આપશે તથા હાર્ડવૈદ રવિરાજભાઈ તથા હમીરભાઈ તથા ડો.ભગીરથસિંહ રાઠોડ માધવ ક્લિનિક ઘંટીયા ફાટક તથા દાંતના ડોકટર નયનાબેન રાવલીયા અક્ષર ડેન્ટલ ક્લિનિક વેરાવળ પોતાની સેવાઓ આપશે. આ વિનામુલ્યે સદગુરૂ નેત્રયજ્ઞમાં આંખના રોગોનું નિદાન કરી જરૂરીયાતવાળા મોતીયાના દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલની બસમાં લઈ જઈ અન્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે આવનાર દરેક દર્દીઓને રહેવા, જમવા, શુધ્ધ ઘીનો શીરો, ચા પાણી – નાસ્તો, ચશ્મા, દવા, ટીપા મફત આપવામાં આવશે. આ ઉપરાંત ઓપરેશન થયા બાદ દર્દીઓને કેમ્પના સ્થળે પરત મુક્વાની પણ વ્યવસ્થા હોસ્પિટલ તરફથી કરવામાં આવી છે આ કેમ્પમાં દર્દીઓને કોઈ પ્રકારની તકલીફ ન પડે તે માટે રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા બધા જ પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત દરેક દર્દીને કોઇ બિમારી હોય તો પણ તેની તકેદારી રાખીને તેનું નિદાન કરવામાં આવનાર છે. આ કેમ્પના આંખના દર્દીઓને બહોળી સંખ્યામાં લાભ લેવા પત્રકાર જાદવભાઇ ચુડાસમા પ્રાચી તીર્થ મો. ૯૯૭૮૫ ૨૩૧૮૨ ગાયત્રી સ્ટીલ એન્ડ પ્લાસ્ટિક વેર, ગાયત્રી સ્ટીલ એન્ડ કિચન વેર માધવરાય રોડ મોક્ષ પીપળા ની બાજુ માં સંપર્ક કરવા દર્દીને અનુરોધ કરાયો છે.




## જામનગર : રાષ્ટ્રીય પરશુરામ સેના દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૧૫

તાજેતરમાં તા.૧૦ મે ૨૦૨૪ શુક્રવારના રોજ આરાધ્યદેવ ભગવાન શ્રી પરશુરામજી ની જન્મ જયંતિ નિમિતે રાષ્ટ્રીય પરશુરામ સેના - જામનગર દ્વારા ઓશવાળ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે નિઃશૂલ્ક સર્વરોગ નિદાન કેમ્પનુંસફળતા પૂર્વક આયોજન પૂર્ણ કરવામાં આવેલ હતું.

આ પ્રસંગેરાષ્ટ્રીય પરશુરામ સેનાના રાષ્ટ્રીય સલાહકાર અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના નિખિલભાઈ ભટ્ટ, ગુજરાત પ્રદેશ મહિલા અધ્યક્ષ શ્રીમતિ આશાબેન જોશી, પૂર્વ ભાજપ પ્રમુખ નિલેશભાઈ ઉદાણી, અશોકભાઈ નંદા, નોબત પરિવારના જ્યોતિબેન માધવની, **AGVKS**નાટેક. જોઈન્ટ પ્રેસીડેન્ટ પથુભા પરમાર, બ્રહ્મ અગ્રણી અજયભાઈ જાની, ડી કે ભટ્ટ, જસ્મીન વ્યાસ, બીપીન અબોટી, જયપાલસિહ જાડેજાની ખાસ ઉપસ્થિતીમાં વિશેષ આમંત્રિત મહેમાન તરીકે નવાનગર બેંકના આર કે. શાહ, ઓશવાળ વેલ્ફેર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી કીર્તિભાઈ દોઢીયા, પ્રમુખ જીવરાજભાઈ માલદે, પૂજારા ટેલીકોમના નીતિનભાઈ ઓઝા, એડવોકેટ અશોકભાઈ જોશી તેમજ ગુજરાત સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ મનોજભાઈ જોશી ઉપસ્થિતરહ્યા હતા.

આ કાર્યક્રમમાં વિશેષ સેવા આપનાર ડો. ગાયત્રી ઠાકર, ડો.સુરેશ ઠાકર,ડો.રાધિકા ભટ્ટ, ડો. વૈભવ મેહતા, ડો.અસિત આચાર્ય, ડો. રમેશ ઓઝા, ડો. ઉપેન્દ્રસિંહ ખુશવા, ડો. નિરાલી દવે ઓઝા, ડો. પલ્લવી પારેખ, ડો. વંદના તન્ના, ડો. નીરૂબેન દવે ખાસ ઉપસ્થિત રહી સર્વ રોગ નિદાન મેડિકલ કેમ્પમાં દર્દીઓના રોગોને સચોટ નિદાન દ્વારા ઉત્કૃષ્ટ તેમજ નિશ્વાર્થ સેવાભાવે સહાયરૂપ થઈ પોતાની અમુલ્ય સેવાનો લાભ આપ્યો હતો અને લોકોના આરોગ્યલક્ષી વિષય ઉપર ચર્ચાઓ કરી અનેભવિષ્યમાં આ સેવા યજ્ઞનો લાભ જામનગરના દરેક ગામ સુધી પહોંચે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.આ કાર્યક્રમમાં તમામ ડોક્ટરોને વિશેષ સેવા માટે ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના આર્થિક સહયોગથી સંસ્થા દ્વારા સન્માન પત્ર આપી સન્માનિત કર્યા હતા. કાર્યક્રમમાં દર્દીઓનું નિદાન તથા સારવાર તેમજ જરૂરી દવાઓનું વિતરણ વિનામુલ્યે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ માં અંદાજીત ૬૭૫ થી વધુ દર્દીઓએ વિનામુલ્યે લાભ લીધો હતો.

આ કાર્યક્રમમાં વિશેષરૂપથી રાષ્ટ્રીય પરશુરામ સેનામાં સૌરાષ્ટ્ર પ્રભારી તરીકે કીર્તિભાઈ કલ્યાણી, જામનગર જીલ્લા યુવા પ્રમુખ તરીકે મીતેશ મેહતા, જામનગર જીલ્લા ઉપપ્રમુખ તરીકે મહેશ રાવલ, જામનગર શહેર મીડિયા પ્રમુખ સચિન જોશી તેમજ શ્રીમતિ ચાંદનીબેન ઠાકરની સહર્ષ નિમણુંક કરવામાં આવી હતી અને સૌરાષ્ટ્ર મીડિયા ઈન્ચાર્જ તરીકેની કામગીરીને પ્રોત્સાહિત કરી ભાર્ગવભાઈ ઠાકરને ગુજરાત પ્રદેશ મીડિયા ઈન્ચાર્જ તરીકેની જવાબદારી સોપવામાં આવેલ હતી.




આ કાર્યક્રમને સફળ બનાવવા રાષ્ટ્રીય પરશુરામ સેના - મહિલા સંગઠનના સૌરાષ્ટ્ર અધ્યક્ષ શ્રીમતિ દર્શાબેન જોશી, સૌરાષ્ટ્ર પ્રભારી શ્રીમતિ મિતલબેન શુકલા, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ શ્રીમતિ અવનીબેન ત્રિવેદી, શ્રીમતિ રેખાબેન જોશી, સૌરાષ્ટ્ર સચિવ ડો.પૂજા શર્મા, શ્રીમતી જયશ્રીબેન જોશી તેમજ જામનગર શહેર અધ્યક્ષ પ્રો. રાહુલભાઈ ઓઝા, જામનગર શહેર પ્રભારી હિતેશભાઈ શુક્લા તેમજ કેન્સર કેર કાઉન્સિલના પ્રમુખ વિઠ્ઠલભાઈ ધોળકીયા, અર્પિત ધોળકીયા તથા સમગ્ર રાષ્ટ્રીય પરશુરામ સેના- મહિલા સંગઠનએ જહેમત ઉઠાવી હતી જેમાં કેન્સર કેર કાઉન્સિલ,ઓસ્વાલ વેલ્ફેર ચેરીટેબલ ટ્રસ્ટ તથા ગુજરાત સમસ્ત બ્રહ્મસમાજના કાર્ય સહયોગથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## સલાયાના દુષ્કર્મ પ્રકરણના આરોપીને દસ વર્ષની સખત કેદ તથા દંડ ફટકારતી ખંભાળિયાની અદાલત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૫

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા શબીર હારૂન ભગાડ નામના શખ્સ દ્વારા આ જ વિસ્તારમાં રહેતી રહેતી એક યુવતીના ઘરે ગત તારીખ ૬-૧૦-૨૦૧૭ ના રોજ રાત્રિના બે વાગ્યાના સમયે જઈને દરવાજો ખટખટાવી તેણીને ઉઠાડતા આ યુવતી કંઈ બોલે તે પહેલા તેણીનું મોઢું દબાવી અને મૂંગો આપી, મોટરસાયકલ પર બેસાડીને જામનગર લઈ ગયા બાદ ત્યાંથી એસ.ટી.ની બસમાં રાજકોટ અને ત્યાંથી અમદાવાદ બાદ મહેસાણા અને મહેસાણાથી રાજસ્થાનના અજમેર ખાતે લઈ ગયો હતો. ત્યાં ઉપરોક્ત આરોપી દ્વારા ભોગ બનનારની મરજી વિરૂધ્ધ સંભોગ કરી અને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ અંગેની ફરિયાદ સલાયા મરીન પોલીસમાં નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે આઈ.પી.સી. કલમ ૩૭૬, ૩૬૫ તથા ૪૫૨ મુજબ પોલીસે ગુનો નોંધી, આ પ્રકરણના તપાસનીસ અધિકારી પી.ડી. સોલંકી દ્વારા ભોગ બનનારની મેડિકલ તપાસણી તેમજ અન્ય આધાર પુરાવાઓ એકત્ર કરી અને ઉપરોક્ત શખ્સ સામે ખંભાળિયાની એડિશનલ સેશન્સ અદાલતમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ સમગ્ર કેસ સંદર્ભે ભોગ બનનાર ફરિયાદી અને મેડિકલ ઓફિસરની જુબાની સાથે સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખી, ખંભાળિયાના એડિશનલ સેશન્સ જજ વી.પી. અગ્રવાલ દ્વારા આરોપી શબ્બીર હારૂનભાઈ ભગાડને તકસીરવાન ઠેરવી, આ સમગ્ર પ્રકરણમાં આરોપીને દસ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨૦,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત દુષ્કર્મનો ભોગ બનનારના સામાજિક, આર્થિક તથા માનસિક પુનર્વસન માટે કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા પણ હુકમ કરવામાં આવ્યો છે.

## દ્વારકાનાં બરડીયામાં બિરાજતા શ્રી ચંદ્રભાગા માતાજીનાં મદિરે પુષ્પ શ્રૃંગાર

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૫

ગ્રીષ્મ ઋતુમાં દ્વારકાનાં વિવિધ મંદીરોમાં પુષ્પ શ્રૃંગાર કરવામાં આવતા હોય છે ત્યારે દ્વારકાનાં બરડિયા માં બિરાજતા શ્રી ચંદ્રભાગા માતાજીનાં મંદિરે પુષ્પ શ્રૃંગાર કરવામાં આવ્યા હતા. માતાજીનાં દિવ્ય શ્રૃંગારનાં દર્શનનો લાભ ભકતોએ



## ખંભાળિયા : વિપ્ર પરિવાર દ્વારા નાયરોબીમાં ભાગવત કથાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૫

નાયરોબી કીટાલે (કેન્યા) ખાતે શ્રી રાજ્ય પુરોહિત મિત્ર મંડળના ઉપક્રમે દુર્લભરામ સુંદરજી ખેતીયા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મસભા નાયરોબીનની મધ્યે આ પ્રસંગે ખંભાળિયા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીતુભાઈ મોતા તથા તેમના સુપુત્રી શ્રેયા અને મનીષભાઈ સાથે શ્યામભાઈ પુરોહિત, હર્ષિદાબેન દ્વારા આ ભાગવત સપ્તાહના આયોજન બદલ મહેન્દ્રભાઈ, મોહનભાઈ, દિનેશભાઈ, અશોકભાઈ, શૈલેષભાઈ ખેતીયાનું સાલ ઓઢાડી તેમજ પુષ્પગુચ્છ વડે સન્માન કરવામાં આવ્યું હતું.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

### 'ભારત સાથે પાકિસ્તાને જેટલાં પણ યુધ્ધ કર્યાં, તે બધામાં હારી ગયું,

જ્યારે જ્યારે ભારત-પાકિસ્તાનના સંબંધોની વાત આવે છે ત્યારે ભૂતકાળ વર્તમાન બની જાય છે અને ભવિષ્યમાં શીખવા માટે કોઈ અપ્રિય બોધ છોડી જાય છે. પાકિસ્તાન જ્યારથી ભારતથી છૂટું પડ્યું છે, તેણે ક્ષેત્રીય જીત હાંસલ કરવાની કોશિશ કરી છે. જોકે દર વખતે તે નિષ્ફળ રહ્યું છે. પચ્ચીસ વર્ષ પહેલાં ૩જી મેના દિવસે જ કારગિલ યુદ્ઘ શરૂ થયું હતું. પાકિસ્તાને પહેલાં ઘૂસણખોરોને મોકલ્યા, પછી સૈન્ય હુમલાને અંજામ આપ્યો, કારણ કે ભારત એવા હુમલા પ્રત્યે લાપરવાહ હતું. સૌથી મહત્ત્વપૂર્ણ એ છે કે તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ દ્વારા ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજ શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર કર્યાના ત્રણ મહિનાની અંદર જ કારગિલની ઘટના બની.

ભારતને ઘૂસણકોરો વિશે અચાનક ખબર પડી. તાશી નામગ્યાલ નામનો એક ઢોર ચરાવનારો જ્યારે પોતાનાં ખોવાયેલાં ઘેટાં શોધી રહ્યો હતો, ત્યારે તેણે પઠાણી પહેરેલા પાકિસ્તાનીઓને જોયા, જે બાલ્ટિક પર્વત શૃંખલા પર બંકર ખોદી રહ્યા હતા. નેવું ડિગ્રીના ઊભા ખડક પર ચડાઈકરનારા યુવા સૈન્ય અધિકારીઓ અને જવાનોએ બહાદરીથી પાકિસ્તાની ગોળીઓનો સામનો કર્યો અને પોતાના ભારતીય નેતૃત્વને ગર્વ કરવાનો અવસર પ્રદાન કર્યો. આ યુધ્ધમાં મોટાભાગે ૨૨ થી ૩૫ વર્ષના યુવા જવાન શહીદ થયા. સત્તાવાર રૂપે ભારતના ૫૨૭ જવાનો શહીદ થયા, જ્યારે પાકિસ્તાનના ૩૫૭ થી ૪૫૩ જેટલા જવાનો માર્યા ગયા. પાકિસ્તાને પોતાના ૬૦૦ અન્ય જવાનોની લાશો પર દાવો નહિ કરીને તેમને અપમાનિત કર્યા. પરિણામે ભારતે જ તેમના અંતિમ સંસ્કાર કરવા પડ્યા.

વસ્તુતઃ આ ભારત માટે મુશ્કેલ કામ હતું. પાકિસ્તાનીઓના આકરા પ્રતિરોધનો સામનો કરતાં ભારતે પોતાની વાયુસેના અને બોફોર્સ તોપને તૈનાત કરીને પોતાની રક્ષા કરી. એ જ વર્ષે એક ભારતીય યાત્રી વિમાનનું અપહરણ થયું, જેને પહેલાં લાહોર, પછી કંધાર લઈ જવામાં આવ્યું. ભારતે વિમાન, ચાલક દળ અને યાત્રીઓને સુરિક્ષત છોડાવવા માટે ચાર કાશ્મીરી આતંકવાદીઓને છોડી મૂકવા પડ્યા. પચ્ચીસ વર્ષ બાદ પણ આ નિષ્ફળતાઓ પર ભારતમાં બહુ ઓછી ચર્ચા થઈ છે. પાકિસ્તાનના વરિષ્ઠ પત્રકાર અને વિશ્લેષક નજમ સેઠી કહે છે, 'ભારત સાથે પાકિસ્તાને જેટલાં પણ યુધ્ધ કર્યાં, તે બધામાં હારી ગયું, જોકે તેણે જ તેની યોજના બનાવી હતી, પરંતુ કશું હાંસલ ન કરી શક્યું.'

પહેલાં શિયાળામાં કારગિલ ક્ષેત્રની ઊંચાઈની ચોકીઓને બંને દેશોના સૈનિક ખાલી કરી દેતા હતા અને પછી વસંતના હવામાનમાં ત્યાં તૈનાત થઈ જતા હતા. ૧૯૯૯ના શિયાળામાં પાકિસ્તાની ફોજે ભારતીય સેના કરતાં પહેલાં જ કારગિલ દ્રાસ અને બાલ્ટિકની વ્યૂહાત્મક ચોટીઓ પરની અગ્રીમ ચોકીઓ પર આતંકીઓના સહયોગથી કબ્જો કરી લીધો. જોકે તેણે એવું ભારતીય વિસ્તારો પર કબ્જા માટે નહીં, બલ્કે ભારત પર વ્યૂહાત્મક સરસાઇ મેળવવા માટે કર્યું હતું. જો તે સફળ થઈ જાત તો રાષ્ટ્રીય રાજમાર્ગ નં.૧ને અવરૂધ્ધ કરીને કાશ્મીર ઘાટી અને લદાખ વચ્ચે સંપર્ક કાપી શકતું હતું. પાકિસ્તાની યોજનાકાર ઈચ્છતા હતા કે ભારતને સિઆચેન ગ્લેશિયર છોડવા અને કાશ્મીર પર વાતચીત કરવા માટે મજબૂર કરવામાં આવે. પરંતુ ૧૯૮૪માં સિઆચેન ગ્લેશિયર પર કબ્જા બાદથી આજ સુધી ભારત એના પર કબ્જો જમાવીને બેઠું છે. કારગિલ યુધ્ધ બાદ બંનેમાંથી કોઈપણ પક્ષ દુનિયાના સૌથી ઊંચા યુધ્ધ ક્ષેત્રને છોડવા નથી માગતા.

પાકિસ્તાની લેખક તારિક અકીલ અનુસાર, સૈન્ય બાબતોની સીમિત જાણકારી હોવાને કારણે નવાઝ શરીફ ભારતીય સેનાની પલટવાર કરવાની ક્ષમતાથી વાકેફ નહોતા. તેઓ એ ભ્રમમાં હતા કે ઘૂસણખોરો સફળ થઈ જશે અને કારગિલ પર કબ્જો કરી લેશે, જેનાથી ભારતને કાશ્મીર પર અંતિમ સમજૂતી કરવા માટે મજબૂર કરી શકાશે અને તે ઈતિહાસમાં કાશ્મીર વિજેતા રૂપે ઓળખાશે.

પાકિસ્તાની યોજનાકારોએ માની લીધું હતું કે પાકિસ્તાન પરમાણુ શક્તિ છે, તેથી ભારત આંતરરાષ્ટ્રીય સીમા પર કોઈ મોટં પગલાં નહીં ઉઠાવે. આંતરરાષ્ટ્રીય સમુદાય પ્રારંભિક ચરણમાં જ હસ્તક્ષેપ કરશે, જેનાથી નિયંત્રણ રેખા પાર મળેલી સરસાઈ પર પાકિસ્તાનનો કબ્જો થઈ જશે તથા ચીન પાકિસ્તાનનો પક્ષ લેશે અને ભારતીય સેના ઊંચાઈ પર લડવા માટે પ્રશિક્ષિત પર્યાપ્ત સૈનિકોને એકઠા નહીં કરી શકે. પરંતુ આ તમામ વાતો ખોટી સાબિત થઈ. કોઈએ પણ પાકિસ્તાનની એ વાતને ન માની કે કાશ્મીરીઓ સ્વતંત્રતા માટે ભારતીય સેના સામે લડી રહ્યા છે અને તેમાં પાકિસ્તાની સેના સામેલ નથી. તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ બિલ ક્લિંટને નવાઝ શરીફને આદેશ આપ્યો કે તેઓ તમામ પાકિસ્તાની સૈનિકોને ભારતીય ચોકીઓ પરથી પાછા બોલાવી લે.

જોકે કારગિલ યદ્ઘે નાના પાયે અને સીમિત ભૌગોલિક સીમાઓ સાથે જ બંને દેશોમાં ગહન વ્યૂહાત્મક વિશ્લેષણને પ્રેરિત કર્યું. ભારતે પોતાની રાષ્ટ્રીય સુરક્ષાની ખામીઓ પર ચર્ચા કરી. વાજપેયી સરકારે કે.સુબ્રમણ્યમના નેતૃત્વમાં પાકિસ્તાની હુમલા માટે જવાબદાર ઘટનાઓ તથા સશસ્ત્ર ઘૂસણખોરો વિરૂધ્ધ રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષા ઉપાયોની ભલામણ માટે કારગિલ રિવ્યૂ કમિટીની રચના કરી. કમિટીએ પોતાના રિપોર્ટમાં કહ્યું કે રાજકીય, નોકરશાહી, સૈન્ય અને ગુપ્તચર પ્રતિષ્ઠાનોએ યથાસ્થિતિ જાળવી રાખવામાં પોતાનો સ્વાર્થ જોયો. તેણે ભાર દઈને કહ્યું કે કારગિલ યુધ્ધ, પાકિસ્તાન તરફથી ચાલી રહેલા છદ્મ યુદ્ઘ અને પરમાણુ સુરક્ષા વાતાવરણને જોતાં, રાષ્ટ્રીય સુરક્ષા વ્યવસ્થાની વ્યાપક સમીક્ષાની જરૂર છે.

### માનનીય આધારો પર ગર્ભપાતની મંજૂરી

# ૨૫ સપ્તાહની સગર્ભા સગીરને બોમ્બે હાઈકોર્ટમાંથી મળી રાહત

### સગીર યુવતી પર તેના મોટા ભાઈ દ્વારા બળજબરીથી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૫

સગીર યુવતી પર તેના મોટા ભાઈ દ્વારા બળજબરીથી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. જ્યારે તેની માતાને આ વાતની જાણ થઈ તો તેણે તેના પુત્ર વિરૂદ્ધ કેસ દાખલ કર્યો. આ પછી છોકરાને બાળ સુધારણા કેન્દ્રમાં મોકલવામાં આવ્યો હતો. જ્યારે બાળકીનો મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે તે ગર્ભવતી છે અને ૨૪ અઠવાડિયાની કાયદાકીય મર્યાદા પસાર થઈ ગઈ હોવાથી સગીરની માતાએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.

જ્યાં કોર્ટે માનવતાના ધોરણે ગર્ભપાતની મંજૂરી આપી હતી. બોમ્બે હાઈકોર્ટે ૧૨ વર્ષની સગીર છોકરીને ગર્ભપાતની મંજૂરી આપી છે. તેણી ૨૫ અઠવાડિયાની ગર્ભવતી હતી પરંતુ આ વાતથી અજાણ હતી. તાજેતરમાં તેણીને ખબર પડી કે તે ગર્ભવતી છે અને ત્યારબાદ તેની માતાએ ગર્ભપાતની પરવાનગી માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. સામાન્ય રીતે, ગર્ભપાત માટે કાનૂની મર્યાદા ૨૪ અઠવાડિયા હોય છે, પરંતુ સગીરને ગર્ભાવસ્થાની જાણ થઈ ત્યાં સુધીમાં લગભગ ૨૫ અઠવાડિયા વીતી ગયા હતા.

વકીલ એશલે કુશરની મદદથી દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ૨ મેના રોજ યુવતીએ પેટમાં દુખાવાની ફરિયાદ કરી હતી. જ્યારે તેણીની તપાસ કરવામાં આવી, ત્યારે આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરને ગર્ભાવસ્થાની શંકા હતી. મેડિકલ ટેસ્ટ બાદ આ વાતની પુષ્ટિ થઈ હતી. યુવતીએ તેની માતાને જણાવ્યું કે ઓક્ટોબરથી ઘરે કોઈ ન હતું ત્યારે તેનો મોટો ભાઈ તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધતો હતો.સગીરની માતાએ અરજીમાં જણાવ્યું હતું કે પુત્રએ તેણીને (સગીરને) ઘરે જાતીય સતામણીની વિગતો શેર કરવા બદલ ગંભીર પરિણામોની ધમકી આપી હતી. તે જ દિવસે, માતાની ફરિયાદ પર, પુત્ર વિરુદ્ધ IPC અને POCSO એક્ટ હેઠળ FIR દાખલ કરવામાં આવી હતી અને તેને બાળ સુધારણા કેન્દ્રમાં મોકલવામાં આવ્યો હતો.૩ મેના રોજ સગીર છોકરીને પાલઘર સ્થિત બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ૪ મેના રોજ, તેણીને જેજે હોસ્પિટલમાં ''૨૪ અઠવાડિયા અને ૫ દિવસ'' ની ગર્ભાવસ્થા હોવાનું નિદાન થયું હતું. ગત સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સગીરની મેડિકલ તપાસ માટે મેડિકલ બોર્ડની રચના કરવાનો નિર્દેશ આપ્યો હતો.રિપોર્ટમાં સ્પષ્ટપણે ગર્ભાવસ્થાના તબીબી સમાપ્તિની ભલામણ કરવામાં આવી હતી અને અદાલતે એ પણ સ્વીકાર્યું હતું કે સગીર જાતીય હુમલાનો ભોગ બની હતી. રિપોર્ટમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે સગીર હજુ પણ એવી સ્થિતિમાં હતી જ્યાં તેણીનો ગર્ભપાત થઈ શકે, જેને કોર્ટે માનવતાના ધોરણે સ્વીકારી પણ લીધો હતો. રિપોર્ટ જોયા બાદ જસ્ટિસ સંદીપ માર્ને અને ડૉ. નીલા ગોખલેની ખંડપીઠે સગીરના ગર્ભપાતની મંજૂરી આપી હતી.

### હાઇકોર્ટે પોલીસને જરૂરી માહિતી મેળવીને જણાવવાનો આદેશ કર્યો

# પ્રેમલગ્ન કરનારા દંપતીએ ઓનર કિલિંગનો ભય દર્શાવી હાઇકોર્ટ સમક્ષ અરજી કરી

### આ મામલે મારા પરિવારને કોઇ ગેરસમજ ન થાય એ માટે અરજી કરવાની ફરજ પડી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૫

પ્રેમલગ્ન કરનારા દંપતીએ ઓનર કિલિંગનો ભય દર્શાવી હાઇકોર્ટ સમક્ષ પિટિશન કરી છે એવી કેફિયત વ્યક્ત કરી છે કે યુવક-યુવતી ઉપરાંત સમગ્ર કુટુંબને સામાવાળા તરફથી જીવનું જોખમ છે. આ મામલે પોલીસને યોગ્ય કાર્યવાહી કરવા અને અમારી રજૂઆત પર કાયદેસરની કાર્યવાહી કરવાનો આદેશ કરવામાં આવે. હાઇકોર્ટે હાલ આ કેસમાં રૂલ ઇસ્યૂ કરીને સરકારને આદેશ કર્યો છે કે અરજદારો તરફથી સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ જે રજૂઆત કરવામાં આવી છે, તે સંદર્ભે જરૂરી માહિતી મેળવીને રજૂ કરવામાં આવે. કેસની વધુ સુનાવણી ૧૫મી મેના રોજ મુકરર કરવામાં આવી છે. આ કેસની સુનાવણીમાં સૌથી પહેલાં હાઇકોર્ટે એવો સવાલ કર્યો હતો કે આ તમામ અરજદારો કોણ છે? અને પોલીસ પ્રોટેક્શનની માગ ક્યાં કરવામાં આવી છે. ત્યારે એડવોકેટે યુવતીનું નિવેદન વાંચતાં કહ્યું હતું કે,'હું મારા માતા-પિતાના ઘરેથી પહેરેલા કપડે નીકળી છું અને કોઇ દર-દાગીના સાથે લાવી નથી. મેં મારી મરજીથી પતિ સાથે લગ્ન કર્યા છે અને લગ્નની ફરજ અદા કરવા માટે હું તેની સાથે ગઇ છું. આ મામલે મારા પરિવારને કોઇ ગેરસમજ ન થાય એ માટે અરજી કરવાની ફરજ પડી છે. જો મારા ઘરવાળા તરફથી અપહરણ, દર-દાગીનાની ચોરી સહિતના આક્ષેપો સાથેની કોઇ ખોટી ફરિયાદ કરવામાં આવે તો આ અમારો જવાબ છે.' વધુમાં જણાવ્યું હતું કે,'તેથી મારા પતિ કે તેમના સભ્યો વિરુદ્ધ કોઇ ખોટી ફરિયાદ થાય તો એ દાખલ નહીં કરવી તે અંગેની આ લેખિત રજૂઆત અથવા તો સ્પષ્ટતા છે. અમને અમારા પિતા અને અન્યો તરફથી વારંવાર ધમકી મળે છે કે જો હું તેમની સાથે નહીં પરત જાઉં તો તારા પતિને મારી કાઢીશું. અમે આ ધમકીઓથી જીવનું જોખમ અનુભવી રહ્યા છીએ અને કુટુંબીજનો માથાભારે હોઇ અમારા પતિ અને સાસુ-સસરાને મારી નાખી શકે છે.' હાઇકોર્ટે સવાલ કર્યો હતો કે આમાં પોલીસ પ્રોટેક્શનનો તો મુદ્દો જ નથી. ત્યારે એડવોકેટે કહ્યું હતું કે,'આ સમગ્ર મામલો સીધેસીધો ઓનર કિલિંગની ધમકીનો છે અને તેની ચકાસણી કોલ રેકોર્ડ પરથી પણ કરી શકાય. અમારું આખું કુટુંબ અત્યારે ભાગતું ફરી રહ્યું છે અને અમને ગંભીર ધમકીઓ મળી રહી છે. પોલીસ પણ અમારા પિતાના કહેવાથી અમને મારી રહી છે.'

# તિહાર જેલને પણ મળી બોમ્બથી ઉડાવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી,તા.૧૫

તિહાર જેલમાં બોમ્બથી ઉડાવાની ધમકીનો મેલ મળ્યા બાદ પોલીસ અને વહીવટીતંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. પોલીસની અનેક ટીમો અને ડોગ સ્ક્વોડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તપાસ શરૂ કરી છે. તેમજ જે જગ્યાએથી ઈમેલ આવ્યો છે તેની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે. જો કે હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

તે જ સમયે, આજે સવારે દિલ્હીની ચાર હોસ્પિટલોને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેલ મળ્યો હતો. દીપ ચંદ બંધુ હોસ્પિટલ, જીટીબી હોસ્પિટલ, દાદા દેવ હોસ્પિટલ અને હેડગેવાર હોસ્પિટલને ઈમેલ દ્વારા બોમ્બથી ઉડવાની ધમકીઓ મળી હતી. ફાયર બ્રિગેડની ટીમે જણાવ્યું કે સ્થળ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જો કે, ત્યાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. ફાયર બ્રિગેડ ટીમના એક અધિકારીએ જણાવ્યું કે, અશોક વિહારની દીપ ચંદ બંધુ હોસ્પિટલથી સવારે ૧૦.૪૫ વાગ્યે, ડાબરીની દાદા દેવ હોસ્પિટલમાંથી સવારે ૧૦.૫૫ વાગ્યે, ત્યારપછી સવારે ૧૧.૦૧ વાગ્યે ફરસ બજારની હેડગેવાર હોસ્પિટલમાં અને ૧૧.૦૧ વાગ્યે પોતે જ ગુરુ તેગ બહાદુર હોસ્પિટલનો ફોન આવ્યો હતો.

બોમ્બથી ઉડાવાની ધમકીઓ મળવાની પ્રક્રિયા ૧ મેથી શરૂ થઈ હતી અને હજુ પણ ચાલુ છે. એક પછી એક ધમકીભર્યા મેલ આવી રહ્યા છે. સોમવારે જયપુરમાં ચાર શાળાઓને બોમ્બ હુમલાની ધમકી આપવામાં આવી હતી. આ પછી વિદ્યાર્થીઓ અને તમામ સ્ટાફને બહાર કાઢવામાં આવ્યા હતા. ડોગ સ્ક્વોડ અને પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, આ કેસમાં કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી. ૧ મેના રોજ દિલ્હીમાં એક ભયાનક દ્રશ્ય સામે આવ્યું હતું. જેના કારણે દિલ્હી અને નોઈડાની પોલીસ ઘણી ચિંતિત બની ગઈ હતી.

દિલ્હી, નોઈડા અને ગુરુગ્રામની ૧૫૦ થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાવાની ધમકી મળી છે. વિદ્યાર્થીઓને ઘરે મોકલી દેવામાં આવ્યા હતા. બોમ્બની માહિતી મળતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ પાછળથી જાણવા મળ્યું આ ખોટું છે અને પોલીસને શાળાના પરિસરમાં કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. ૯ મેના રોજ, ગુજરાતમાં મતદાનના એક દિવસ પહેલા, અમદાવાદની ઓછામાં ઓછી ૫૦ શાળાઓને બોમ્બની ધમકીના ઈમેલ મળ્યા હતા. આ પણ એક અફવા હોવાનું બહાર આવ્યું છે.તે જ સમયે, ૧૨ મેના રોજ દિલ્હીની હોસ્પિટલો અને IGI એરપોર્ટને બોમ્બની ધમકી મળી હતી. પોલીસે તકેદારી જાળવીને તમામ જગ્યાએ કામગીરી શરૂ કરી હતી. પરંતુ તપાસમાં કંઈ મળ્યું ન હતું.

# શાળા બહાર સુરક્ષાકર્મીને તૈનાત રાખવાનો નિર્દેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૧૫

અમદાવાદની કેટલીક શાળાઓને બૉંબથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યુ છે.

અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર શિક્ષણાધિકારી દ્વારા તેમના હસ્તકની તમામ શાળાઓને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે આ સાથે જ શાળા બહાર સુરક્ષાકર્મીને તૈનાત રાખવાના નિર્દેશ પણ આપવામાં આવ્યા છે.

અમદાવાદમાં કેટલીક શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ પોલીસ પ્રશાસનની સાથે શિક્ષણ વિભાગ પણ સતર્ક બન્યું છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર શિક્ષણ અધિકારી કચેરી દ્વારા તેના હસ્તકની તમામ શાળાઓને સતર્ક રહેવા સૂચના આપી અને કેટલીક મહત્વની બાબતોનું ધ્યાન રાખવા માટે કહેવામાં આવ્યું છે. કચેરી દ્વારા શાળાઓને સૂચના અપાઈ છે કે હાલ વેકેશનનો સમય છે, જેથી બાળકો શાળામાં નથી તેમ છતાં પરિસરમાં સુરક્ષાકર્મીઓની હાજરી સુનિશ્ચિત કરવામાં આવે. જેથી કરીને શાળામાં બનતી ગતિવિધિ અંગે ધ્યાન રાખી શકાય.

શાળાના અધિકૃત મેઇલ પર આવતા તમામ મેઈલનું ધ્યાન રાખી જો કોઈ શંકાસ્પદ મેઈલ કે સંદેશ જણાય તો તાત્કાલિક પોલીસ પ્રશાસન અને કચેરીને જાણ કરવા માટે પણ સૂચના અપાઈ છે. મહત્વનું છે કે ૬ મેએ અમદાવાદ શહેરની ૭૦ થી વધારે શાળાઓને મેઇલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

અમદાવાદ ગ્રામ્યના DEO કૃપા ઝાના જણાવ્યા મુજબ ૬ મે ના રોજ મળેલા મેલના સંદર્ભે તમામે તમામ શાળાઓને સૂચના આપી દેવામાં આવી છે કે તેમને આ પ્રકારનો કોઈપણ શંકાસ્પદ મેલ મળે તો તુરંત જ નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. તેમજ AEIના કર્મીઓને આ બાબતે તુરંત જાણ કરવી. જેથી શિક્ષણવિભાગ દ્વારા પણ સંબંધિત કચેરીઓ કાઈમબ્રાંચ કે પોલીસ તંત્રનો સંપર્ક કરી દરેક શાળાઓમાં વેરીફિકેશન સુનિશ્ચિત થઈ શકે.

# અંબાજીમાં આરસપહાણ માર્બલને પ્રાપ્ત થયો GI ટેગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અંબાજી,તા.૧૫

અંબાજીનો માર્બલ ઉદ્યોગ આમ તો સમગ્ર વિશ્વમાં નામના ધરાવે છે પરંતુ હવે તેને GI ટેગ દ્વારા એક નવી જ ઓળખ પ્રાપ્ત થઈ છે. અંબાજીમાં મળતો આરસપહાણ પથ્થરને જીઓ ગ્રાફિકલ ઈન્ડીકેશનની શ્રેણીમાં સ્થાન મળ્યુ છે. “GI ટેગ” એ ઉચ્ચ ગુણવત્તાની સાબિતી આપે છે. ત્યારે વર્ષોની મહેનત બાદ આ ટેગ મેળવવામાં સફળતા મળતા માર્બલના ઉદ્યોગકારોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે.

આપને જણાવી દઈએ કે શક્તિપીઠ અંબાજીનું મંદિર પણ આ જ માર્બલથી નિર્માણ પામ્યું છે. તો દેશથી લઈ વિદેશ સુધી અનેક કલાત્મક મંદિરોનું નિર્માણ અંબાજીના આરસપહાણથી જ પરિપૂર્ણ થયું છે. હાલ દિલ્હીમાં બની રહેલી અમેરિકન એમ્બેસીમાં પણ અંબાજી માર્બલ જ ઉપયોગમાં લેવાઈ રહ્યો છે.

ગુજરાતમાં માર્બલની ખાણો એકમાત્ર અંબાજીમાં જ છે. અંબાજીના માર્બલની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં કેલ્શિયમની માત્રા વધારે છે. અને સાથે જ તે મજબૂત પણ છે. આ આરસપહાણમાં સિલિકોન ઓક્સાઈડ અને કેલ્શિયમ ઓક્સાઈડ જેવા તત્વો તેનું સકારાત્મક પાસું છે.

અંબાજીમાં ૧ હજારથી ૧૨૦૦ વર્ષ પ્રાચીન માર્બલની ખાણો આવેલી છે. અંબાજીના માર્બલનું આયુષ્ય ઘણું લાંબુ અને ટકાઉ મનાય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આઝાદી એ વિકાસનું પહેલું પગથિયું છે...

- સ્વામિ વિવેકાનંદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૮ દૂર્ગાષ્ટમી, બુધાષ્ટમી, અષ્ટમી વૃધ્ધિ તિથિ છે તા.૧૫ મે ૨૦૨૪, બુધવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૬, આશ્લેષા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૧૧, સૂ.અ.૭:૨૩

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), બપોરે ૩:૨૫ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રયત્ન પ્રમાણે જોઈએ તેવી સફળતા ન મળે. ગૃહજીવનમાં સંવાદિતતા રહે.
વૃષભ:મિત્રોની મદદની આશાએ ન બેસી રહેવું. વ્યર્થ ચિંતા અનુભવાય.
મિથુન:નાનો ખર્ચનો પ્રસંગ બને. માનસિક પ્રફુલિતતા રહે.
કર્ક: કાર્યોમાં ધારી સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતી થાય.
સિંહ: સુખ અને આનંદમાં વધારો થાય, ગુપ્ત શત્રુથી સાવધ રહેવું.
કન્યા: આર્થિક આયોજન ગોટે ચડે. વડીલવર્ગથી મતભેદ રહે.
તુલા: ખાવાપીમાં કાળજી રાખવી. સસરાપક્ષથી લાભ થાય.
વૃશ્ચિક:વેપાર-ધંધામાં લાભ રહે. અગત્યના કાર્યમાં સફળતા મળે.
ધન: અગત્યના કાર્યમાં નાનું વિઘ્ન આવે. આરોગ્યમાં તંદુરસ્તી અનુભવાય.
મકર: કોર્ટ-કચેરીના કાર્યો ટાળવા, પારિવારીક જીવનમાં આનંદ રહે.
કુંભ: સંતાનવર્ગ સાથે મનદુઃખ રહે. આવકમાં વૃધ્ધિથાય.
મીન: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.

# UKમાં રહેતા ૨૫ લાખ ભારતીયોને મોટો ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી,તા.૧૫

બ્રિટન સરકાર ભારતી વિદ્યાર્થીઓને મોટો ઝટકો આપવા જઈ રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ઋષિ સુનકની સરકાર માઈગ્રેશન એડવાઈઝરી કમિટીએ ગ્રેજ્યુએટ વિઝા રુટને લઈને એક એવો રિપોર્ટ બનાવ્યો છે, જે બ્રિટનમાં વસતા ૨૫ લાખ ભારતીય વોટરને નારાજ કરી શકે છે.

ગ્રેજ્યુએટ વિઝા રુટ બંધ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. સુનિક કેબિનેટમાં તે અંગે પ્રસ્તાવ મૂકવામાં આવશે. રિપોર્ટ અનુસાર, જો આ યોજનાના પ્રાવધાન લાગુ થાય છે તો દર વર્ષે અંદાજે ૯૧ હજાર ભારતીય વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએટ રુટથી વિઝા નહિ મળી શકે. હાલ દર વર્ષે અંદાજે ૧ લાખ ૩૦ હજાર ભારતીય વિદ્યાર્થીઓને આ માધ્યમથી એન્ટ્રી મળે છે. ઘટાડા બાદ માત્ર ૩૯ હજાર વિદ્યાર્થીઓને જ એન્ટ્રી મળી શકશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૧ માં શરૂ થયેલા ગ્રેજ્યુએશ વિઝા રુટથી ભારતીય અને અન્ય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માસ્ટર્સનો અભ્યાસ પૂર્ણ કર્યાના બે વર્ષ સુધી બ્રિટનમાં રહેવા અને નોકરી કરવાની પરમિશન મળે છે. બ્રિટનના ગૃહમંત્રી જેમ્સ ક્લેવરલીનું કહેવું છે કે, જોવામાં આવ્યું છે કે, આ વિઝાનો ઉપયોગ વિદ્યાર્થીઓ ઈમિગ્રેશન માટે કરે છે. ત્રણ વર્ષ પહેલા ૯ લાખ વિદ્યાર્થીઓને આના થકી એન્ટ્રી મળી હતી.

સરકારના આ પ્લાનિંગથી આગામી વર્ષે આવી રહેલા ઈલેક્શન પર પણ મોટી અસર પડશે. વિપક્ષની લેબર પાર્ટીના અધ્યક્ષ કીર સ્ટ્રેમરનું કહેવું છે કે, સરકારના આ નિર્ણયથી બ્રિટનમાં રહેતા ૨૫ લાખ ભારતીય વોટર આ કારણે નારાજ થઈ શકે છે. વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન વિઝા મળવાથી તેમનો ઈમિગ્રેશનનો દાવો મજબૂત થાય છે. કારણ કે અભ્યાસના બે વર્ષ સુધી સ્ટેની છૂટ મળવાથી આ વિદ્યાર્થીઓ સ્કીલ્ડ વર્કરની કેટેગરીમાં આવી જાય છે.

ભારતીય વિદ્યાર્થીમાં લગભગ ૮૦ ટકા લોકો અહીં મેડિકલ, એન્જિનિયરિંગ અથવા લોના અભ્યાસ માટે આવે છે. અભ્યાસ બાદ તેમને એક્સટેન્ડેન્ટ સ્ટે દરમિયાન સ્કીલ્ડ વર્કરની સેલેરી મળે છે.

# કેજરીવાલે શા માટે એવું કહ્યું કે મોદી વડાપ્રધાન બનશે નહી, શું ભાજપના નેતાઓ ૭૫ વર્ષની વયે નિવૃત્ત થાય છે ?



નવી દિલ્હી તા.૧૫

AAPના વડા અરવિંદ કેજરીવાલે જેલમાંથી બહાર આવીને લોકસભા ચૂંટણી માટે પ્રચાર શરૂ કર્યો છે અને તેમણે ભાજપને '૭૫ વર્ષથી વધુ વયના લોકોને ટિકિટ નહીં' ની પોતાની અલિખિત નીતિ યાદ કરાવતા કહ્યું કે, નરેન્દ્ર મોદી ૭૫ વર્ષ વટાવ્યા પછી વડાપ્રધાન તરીકે ચાલુ રહેશે નહીં. મોદી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ૭૫ વર્ષના થશે. ગૃહ પ્રધાન અમિત શાહ સહિત ભાજપના કેટલાક મુખ્ય નેતાઓએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭૫ વર્ષની ઉંમરે પહોંચવા ઉપર સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેશે નહીં. આ નીતિ ઘણા વર્ષોથી અમલમાં છે. ૨૦૧૯માં અમિત શાહે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા જણાવ્યું હતું કે ભાજપે ૭૫ વર્ષથી વધુ ઉંમરના કોઈપણ ઉમેદવારને ઉભા નહીં કરવાનો નિર્ણય લીધો છે. શાહે ૨૦૧૯ની ચૂંટણી માટે પ્રચાર કરતી વખતે કહ્યું હતું કે, ૭૫ વર્ષથી ઉપરના કોઈને ટિકિટ આપવામાં આવી નથી. આ પાર્ટીનો નિર્ણય છે. ૨૦૧૪માં સત્તા સંભાળ્યા પછી તરત જ, મોદીએ એક નિયમ રજૂ કર્યો હતો કે ૭૫ વર્ષથી વધુ વયના નેતાઓએ કેન્દ્ર અથવા રાજ્ય સરકારોમાં કોઈ પણ વહીવટી પદ ન રાખવું જોઈએ. જો કે, તેમણે કહ્યું કે, ભાજપના બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી, અને મોદીજી ૨૦૨૯ સુધી દેશનું નેતૃત્વ કરશે અને આગામી ચૂંટણીઓનું પણ નેતૃત્વ કરશે. ઈન્ડિયા બ્લોક માટે કોઈ સારા સમાચાર નથી. તેઓ આવા જુઠ્ઠાણા ફેલાવીને ચૂંટણી જીતી શકશે નહીં. પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીના બંધારણમાં ક્યાંય પણ વય સંબંધિત એવી કોઈ જોગવાઈ નથી. જનતા જાણે છે કે મોદીજીની દરેક ક્ષણ ભારતની સેવા માટે સમર્પિત છે. મોદીજીના નેતૃત્વમાં 'વિકસિત ભારત'નું વિઝન સાકાર થઈ રહ્યું છે અને તેમના આગામી ૫ વર્ષના કાર્યકાળમાં મોદીજી દેશને નવી ઊંચાઈઓ ઉપર લઈ જશે. મોદીજી અમારા નેતા છે અને ભવિષ્યમાં પણ આપણું નેતૃત્વ કરતા રહેશે. વિપક્ષી નેતાઓએ મોદી ઉપર વય પ્રતિબંધ લાદવાનો ઈન્કાર કરીને ભગવા પક્ષ ઉપર બેવડા ધોરણ અપનાવવાનો આરોપ મૂક્યો છે. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ સહિત અનેક નેતાઓએ પ્રશ્ન કર્યો હતો કે શું મોદી ૭૫ વર્ષના થવા ઉપર નિવૃત્ત થશે. દાખલા તરીકે, ગુજરાતના મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલે ૨૦૧૬માં તેમના ટોચના હોદ્દા ઉપરથી રાજીનામું આપ્યું હતું કારણ કે તેઓ ૭૫ વર્ષની ઉંમરની નજીક હતા. મોટાભાગે, ભાજપ તેની નીતિઓનું પાલન કરી રહ્યું હોય તેવું લાગે છે, ૭૦ના દાયકાના પ્રારંભમાં અને મધ્યમાં બહુ ઓછા પક્ષના નેતાઓને ચૂંટણી માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. ૭૬ વર્ષીય યોગેશ પટેલ ૨૦૨૨માં ગુજરાત ચૂંટણી માટે પાર્ટીના સૌથી વૃદ્ધ ઉમેદવાર હતા, જ્યારે ૭૫ વર્ષીય જગન્નાથ સિંહ રઘુવંશી ૨૦૨૩ મધ્ય પ્રદેશની ચૂંટણી માટે ઉમેદવાર બન્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સવાલ કર્યો હતો કે, એલ.કે. અડવાણી, મુરલી મનોહર જોશી, સુમિત્રા મહાજન અને યશવંત સિંહા નિવૃત્ત થયા હતા અને હવે મોદી ૧૭મી સપ્ટેમ્બરે નિવૃત્ત થવા જઈ રહ્યા છે. જો તેમની સરકાર બનશે તો તેઓ પહેલા યોગી આદિત્યનાથનો નિકાલ કરશે અને પછી અમિત શાહને દેશના વડાપ્રધાન બનાવશે. મોદી અમિત શાહ માટે વોટ માંગી રહ્યા છે. શું અમિત શાહ મોદીની ગેરંટી પૂરી કરશે ?

# પ્રેગ્નેન્સી ઉપર લખેલા પુસ્તકના શીર્ષકમાં 'બાઈબલ' શબ્દના ઉપયોગ બદલ કરીના કપૂરને કોર્ટની નોટિસ




મુંબઈ તા.૧૫

બોલિવૂડ અભિનેત્રી કરીના કપૂરને મધ્યપ્રદેશ હાઈકોર્ટે નોટિસ જારી કરી છે. મામલો પ્રેગ્નેન્સી ઉપર લખવામાં આવેલા તેની પુસ્તક સાથે જોડાયેલો છે. પુસ્તકના ટાઈટલમાં બાઈબલ શબ્દનો ઉપયોગ કરવાને લઈને એક વ્યક્તિએ તેના વિરૂધ્ધ કેસ નોંધવાની માગ કરી છે. તેથી આ સંબંધિત વ્યક્તિએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. તેના પહેલા એડિશનલ સેશન કોર્ટે આ મામલે અરજી દાખલ કરી હતી. જે બાદ એડવોકેટ ક્રિસ્ટોફર એન્થનીએ હાઈકોર્ટમાં આદેશને પડકાર આપ્યો છે. હાઈકોર્ટે કરીના કપૂરને નોટિસ જારી કરીને ૭ દિવસની અંદર જવાબ આપવાનું કહ્યું છે. અરજીકર્તાઓએ તેની ઉપર ખ્રિસ્તી સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લાગ્યો છે. અરજીકર્તાઓએ કહ્યું છે કે કરીના કપૂરે પોતાની પુસ્તક **'Kareena Kapoor Khan's Pregnancy Bible'**માં 'બાઈબલ' શબ્દનો ઉપયોગ કરીને ખ્રિસ્તી સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવા માટે FIR નોંધવામાં આવી જોઈએ.

કરીના કપૂર ખાન સિવાય અરજીના અન્ય રેસ્પોન્ડેન્ટ એમેઝોન ઓનલાઈન શોપિંગ, જગરનોટ બુક્સ અને પુસ્તકના સહ-લેખક છે. સૌથી પહેલા આ મામલે એન્થનીએ જબલપુરના એક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે કરીનાએ ખ્રિસ્તી સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે કેમ કે 'પવિત્ર પુસ્તક બાઈબલ'ની તુલના અભિનેત્રીની પ્રેગ્નેન્સી સાથે કરી શકાતી નથી. જ્યારે પોલીસે કેસ નોંધવાનો ઈન્કાર કરી દીધો તો વકીલ મેજિસ્ટ્રેટ કોર્ટના શરણે ગયા અને આ રીતે માંગ કરતા ખાનગી ફરિયાદ નોંધાવી. જો કે મેજિસ્ટ્રેટ કોર્ટે પણ એ આધારે અરજી ફગાવી દીધી કે ફરિયાદકર્તા એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા કે બાઈબલ શબ્દના ઉપયોગથી ખ્રિસ્તી સમુદાયની ભાવનાઓને ઠેસ કેવી રીતે પહોંચી છે. તે બાદ તેઓ એડિશનલ સેશન્સ કોર્ટ પાસે ગયા અને તેમણે પણ કોઈ રાહત આપવાનો ઈનકાર કરી દીધો. દરમ્યાન હવે અરજીકર્તાઓએ હાઈકોર્ટનું શરણ લીધું છે.

# અફઘાનિસ્તાનમાં ભયાનક પૂરને કારણે ૩૦૦નાં મોત, દેશમાં અરાજકતા ફેલાઈ

(એજન્સી) તા.૧૫

અફઘાનિસ્તાનની બરોબરની માઠી દશા બેઠી છે. ભારે વરસાદ પછી આવેલા પૂરના લીધે ૩૦૦થી વધુ લોકોના મોત થયા છે. આ ઉપરાંત બે હજારથી વધારે મકાનો ધ્વસ્ત થઈ ગયા છે અને કેટલાય મકાનોને નુકસાન પહોંચ્યું છે. તેની સાથે કેટલાય ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. અફઘાનિસ્તાનના બગલાન, બડકખાન, ઘોર અને હેરત વિસ્તારમા ભારે વરસાદ બાદ પૂરથી સૌથી વધુ ખાનાખરાબી થઈ છે. તાલિબાન સરકારના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ ઉપર જણાવ્યું હતું કે આ પૂરના લીધે મોટાપાયા ઉપર લોકોના મોત થયા છે અને કેટલાયને ઈજા થઈ છે. કેટલાયના મકાનો નાશ પામતા તેઓ વિસ્થાપિત થઈ ગયા છે. તેણે જણાવ્યું હતું કે બડકશાન, બગલાન, હેરત અને ઘોરમાં સૌથી વધારે નાણાકીય નુકસાન અને જાનહાનિ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે સરકારે લોકોને બચાવવા બધા સંસાધનો કામે લગાડી દીધા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ મોકલાઈ રહ્યા છે અને મૃતદેહોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે દેશની એરફોર્સે લોકોને બચાવવાનું શરૂ કર્યુ છે. કેટલાય લોકો પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા છે. તેઓને એરલિફ્ટ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલા અધિકારીઓએ ભાર વરસાદ અને પૂરના લીધે ૭૦થી વધુ લોકો મરી ગયા હોવાનો દાવો કર્યો હતો. તાલિબાન સંરક્ષણ મંત્રાલયે એક નિવેદન આપતાં કહ્યું કે, વાયુસેનાએ પહેલાથી જ બગલાનમાં મૃત્યુ પામેલા લોકોને બહાર કાઢવાનું શરૂ કરી દીધું છે અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જેમાં ૧૦૦ ઘાયલ લોકોને મિલિટરી હોસ્પિટલમાં પહોચાડવામાં આવ્યા છે. એપ્રિલમાં દેશમાં ભારે વરસાદ અને પૂરના કારણે ઓછામાં ઓછા ૭૦ લોકોના મોત થયા હતા. લગભગ ૨,૦૦૦ ઘરો, ત્રણ મસ્જિદો અને ચાર શાળાઓને પણ નુકસાન થયું છે. બગલાનની જોડે આવેલા તખર પ્રાંતની સરકારી હોસ્પિટલોમાં જ ૨૦થી વધુ મૃતદેહો પડેલા છે. અફઘાનિસ્તાનમાં તકલીફોનો અંત નથી. લોકો આમ પણ અનેક પરેશાનીઓ અને તકલીફોનો સામનો કરી રહ્યા હતા અને હવે પૂરે તેમની સ્થિતિ અત્યંત વિપરીત કરી નાખી છે. તેમના માટે જીવન દોહ્યલુ બની ગયું છે. યુએનના ફૂડ રાહત કાર્યક્રમ હેઠળ અફઘાનીઓ બિસ્કીટ ખાઈને જીવન ગુજારવાનો દિવસ આવ્યો છે.

# ICMRએ 'ભારતીયો માટે સંશોધિત આહાર માર્ગદર્શિકા' બહાર પાડી, પ્રોટીન સપ્લિમેન્ટ્સ ન લેવાની વિનંતી કરી

**ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું હતું કે શર્કરા કુલ ઊર્જાના વપરાશના ૫ ટકા કરતાં ઓછી હોવી જોઈએ અને સંતુલિત આહારમાં અનાજ અને બાજરીમાંથી ૪૫ ટકાથી વધુ કેલરી અને કઠોળ અને માંસમાંથી ૧૫ ટકા કેલરીથી વધુ લેવી જોઈએ નહીં**

(એજન્સી) તા.૧૫

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે બોડી માસ માટે પ્રોટીન સપ્લિમેન્ટ્સ ટાળવા માટે આહવાન કર્યું છે અને માહિતગાર અને સ્વસ્થ ખોરાકની પસંદગી કરવા માટે મીઠાના સેવનને મર્યાદિત કરવા, ખાંડ અને અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ્સનું સેવન ઓછું કરવા અને ફૂડ લેબલ ઉપરની માહિતી વાંચવાની પણ ભલામણ કરી છે. સર્વોચ્ચ આરોગ્ય સંશોધન સંસ્થા હેઠળ હૈદરાબાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન (NIN)એ આવશ્યક પોષક તત્ત્વોની જરૂરિયાતોને પહોંચી વળવા અને બિન-સંચારી રોગો (NCDs)ને રોકવા માટે 'ભારતીયો માટે સંશોધિત આહાર માર્ગદર્શિકા' (DGIs) બહાર પાડી છે.

ICMR-NINના નિયામક ડો. હેમલતાની આગેવાની હેઠળની નિષ્ણાતોની સમિતિ દ્વારા DGIનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે અને તેની વૈજ્ઞાનિક સમીક્ષા કરવામાં આવી છે. તેમાં સત્તર માર્ગદર્શિકા સૂચિબદ્ધ કરવામાં આવી છે. આ DGIમાં, NINએ જણાવ્યું છે કે પ્રોટીન પાઉડરનું લાંબા સમય સુધી સેવન અથવા ઉચ્ચ પ્રોટીન સાંદ્રતાનો વપરાશ હાડકાના ખનિજને નુકસાન કરે છે અને કિડનીને થતાં નુકસાન જેવા સંભવિત જોખમો સાથે સંકળાયેલ છે. ખાંડ કુલ ઊર્જાના વપરાશના ૫ ટકાથી ઓછી હોવી જોઈએ અને સંતુલિત આહારમાં અનાજ અને બાજરીમાંથી ૪૫ ટકાથી વધુ કેલરી અને કઠોળ અને માંસમાંથી ૧૫ ટકાથી વધુ કેલરી ન આપવી જોઈએ. બાકીની કેલરી બદામ, શાકભાજી, ફળો અને દૂધમાંથી આવવી જોઈએ. કુલ ચરબીનું સેવન ૩૦ ટકા ઊર્જા કરતાં ઓછું અથવા બરાબર હોવું જોઈએ. કઠોળ અને માંસની મર્યાદિત ઉપલબ્ધતા અને ઊંચી કિંમતને કારણે, ભારતીય વસ્તીનો નોંધપાત્ર હિસ્સો અનાજ ઉપર આધાર રાખે છે, જેના પરિણામે આવશ્યક મેક્રોન્યુટ્રિઅન્ટ્સ (આવશ્યક એમિનો એસિડ અને આવશ્યક ફેટી એસિડ્સ) અને સૂક્ષ્મ પોષકતત્ત્વોનું સેવન ઓછું થાય છે. આવશ્યક પોષક તત્ત્વોનું ઓછું સેવન ચયાપચયને વિક્ષેપિત કરી શકે છે અને નાની ઉંમરથી ઈન્સ્યુલિન પ્રતિકાર અને તેની સાથે સંકળાયેલ વિકૃતિઓનું જોખમ વધારી શકે છે. આ અનુમાન દર્શાવે છે કે ભારતમાં થતાં રોગોના ૫૬.૪ ટકા બિનઆરોગ્યપ્રદ આહારને કારણે થાય છે. સ્વસ્થ આહાર અને શારીરિક પ્રવૃત્તિ કોરોનરી હૃદય રોગ (CHD) અને હાયપરટેન્શન (HTN)ના પ્રમાણને ઘટાડી શકે છે અને ટાઈપ ૨ ડાયાબિટીસને ૮૦ ટકા સુધી રોકી શકે છે. સ્વસ્થ જીવનશૈલીને અનુસરીને અકાળ મૃત્યુના પ્રમાણને ટાળી શકાય છે. ખાંડ અને ચરબી સાથેના ઉચ્ચ પ્રોસેસ્ડ ખોરાકના વપરાશમાં વધારો, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો અને યોગ્ય ખોરાકના મર્યાદિત સેવનને લીધે સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉણપ અને સ્થૂળતા આવે છે.

# લોકરક્ષક અને PSI ભરતી માટે ઓગસ્ટ તેમજ સપ્ટેમ્બરમાં ફરી અરજી કરી શકાશે

## કોલેજના અંતિમ વર્ષ અને ધોરણ-૧૨ પાસ ઉમેદવારો પણ અરજી કરી શકશે

અમદાવાદ, તા.૧૫

લોકરક્ષક દળ અને PSI ભરતી મામલે સૌથી મોટા અગત્યની વિગતો સામે આવી છે. લોકરક્ષક દળ અને PSI ભરતી મામલે ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં હવે ફરી અરજી કરી શકાશે. વિગતો મુજબ બે સપ્તાહ સુધી ઉમેદવારો અરજી કરી શકશે. આ સાથે કોલેજના અંતિમ વર્ષ અને ધો.૧૨ના ઉત્તીર્ણ ઉમેદવાર પણ અરજી કરી શકશે. પોલીસ વિભાગમાં નોકરી ઈચ્છતા યુવાનો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. લોકરક્ષક અને PSI ભરતી માટે ઓગસ્ટ સપ્ટેમ્બરમાં ફરી અરજી કરવા છૂટ આપવામાં આવી છે. જેમાં ખાસ કરીને કોલેજના અંતિમ વર્ષ અને ધોરણ ૧૨માં પાસ થયેલા ઉમેદવારો તથા અગાઉ અરજી કરવામાં બાકી રહેલા ઉમેદવારોને પણ તક અપાશે. અરજી કરવા માટે ૨ સપ્તાહના સમય સાથે અરજીકર્તાઓને તક અપાશે. પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વિટ કરી આ અંગે માહિતી આપી છે. વિગતો મુજબ લોકરક્ષક અને PSI ભરતી મામલે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ફરી અરજી કરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૯ મે ના રોજ માધ્યમિક તેમજ ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ તેમજ ગુજકેટનું પરિણામ જાહેર થયું હતું. જેથી હવે પરિણામ જાહેર થયા બાદ હવે જે લોકો પોલીસમાં નોકરી કરવા માંગે છે એ લોકો પણ અરજી કરી શકશે.

# ઈલેક્ટોરલ બોન્ડ્સ : SBI દ્વારા RTI કાયદા હેઠળ વિગતો જાહેર કરવાનો ફરી ઈન્કાર

**દરેક ઈલેક્ટોરલ બોન્ડની અસલિયતની ખાતરી કરવા માટે SBI દ્વારા શાખાઓને જારી કરાયેલ તમામ આંતરિક માર્ગદર્શિકાની માહિતી નકારી કાઢવામાં આવી હતી**

નવી દિલ્હી તા.૧૫

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)એ RTI કાયદા હેઠળ ઈલેક્ટોરલ બોન્ડની માહિતી જાહેર કરવાનો ફરી ઈન્કાર કર્યો છે. SBI બોન્ડ જારી કરવા અને રોકડ કરવા માટે જવાબદાર હતી. ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને રદ કરી હતી, જેણે વ્યક્તિઓ અને કંપનીઓ બંનેને રાજકીય પક્ષોને અજ્ઞાત રૂપે નાણાં દાન કરવાની મંજૂરી આપી હતી અને તેને ગેરબંધારણીય ગણાવી હતી કારણ કે, તે રાજકીય પક્ષોને કોણ ભંડોળ પૂરૂં પાડે છે તે જાણવાના લોકોના અધિકારનું ઉલ્લંઘન કરે છે. બીજેપીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે ૨ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ આ યોજનાને સૂચિત કરી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને એનજીઓ કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટિવના ડિરેક્ટર વેંકટેશ નાયકે ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ ૨૦૧૮ હેઠળ અધિકૃત શાખાઓ માટે એસબીઆઈના કોર્પોરેટ સેન્ટર દ્વારા જારી કરાયેલ તમામ આંતરિક માર્ગદર્શિકાની નકલ માંગી હતી જેથી કરીને દરેક ચૂંટણી બોન્ડની વાસ્તવિકતા તપાસી શકાય. રાજકીય પક્ષો અને બોન્ડના વેચાણ અને રોકડીકરણના સંદર્ભમાં કોર્પોરેટ કેન્દ્ર દ્વારા અધિકૃત શાખાઓને જારી કરાયેલ અન્ય તમામ આંતરિક માર્ગદર્શિકાઓની નકલ પણ માંગી હતી. જો કે, SBIએ માહિતીને નકારવા માટે ફરીથી RTI કાયદાની કલમ ૮.૧(ડી)નો ઉલ્લેખ કર્યો અને જણાવ્યું હતું કે, 'આંતરિક દિશાનિર્દેશો માત્ર અને માત્ર કર્મચારીઓ માટે હતા અને તે બેંકના વ્યવસાયિક વિશ્વાસ અને બૌદ્ધિક સંપદાની માહિતી છે.' બેંકે જણાવ્યું હતું કે, બોન્ડના વેચાણ અને રોકડીકરણના સંદર્ભમાં અધિકૃત શાખાઓને સમયાંતરે જારી કરાયેલ ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ ૨૦૧૮ માટેની આંતરિક માર્ગદર્શિકા માત્ર આંતરિક પરિભ્રમણ માટે જ છે. 'તેથી RTI કાયદાની કલમ ૮.૧(ડી) હેઠળ તેણે જાહેર કરવાની મંજૂરી આપી શકાય નહીં.' આરટીઆઈ એક્ટની કલમ ૮.૧(ડી) જણાવે છે કે, માહિતી જેમાં 'વાણિજ્યિક વિશ્વાસ, વેપાર રહસ્યો અથવા બૌદ્ધિક સંપદાનો સમાવેશ થાય છે, જેનો ખુલાસો તૃતીય પક્ષની સ્પર્ધાત્મક સ્થિતિને નુકસાન પહોંચાડે છે'નો સમાવેશ થાય છે, જ્યાં સુધી સક્ષમ અધિકારી સંતુષ્ટ ન થાય ત્યાં સુધી તે નકારી શકાય છે. જાહેરહિતમાં આવી માહિતી જાહેર કરવાની ખાતરી આપવામાં આવે છે. નાયકે ભારપૂર્વક જણાવ્યું હતું કે, CPIO (બેંકના કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી)નો જવાબ સુપ્રીમ કોર્ટના ચુકાદાની મજાક સમાન છે, જેણે ચૂંટણી બોન્ડના સંદર્ભમાં સંપૂર્ણ પારદર્શિતાના સિદ્ધાંતને નિર્ધારિત કર્યો હતો. ખરીદી અને રોકડ ટ્રાન્ઝેક્શન સાથે વ્યવહાર કરવા માટે બેંક સ્ટાફ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી આંતરિક માર્ગદર્શિકા માહિતીની પ્રકૃતિની છે જે આરટીઆઈ કાયદાની કલમ ૪(૧)(બી)(વી) હેઠળ આપમેળે જાહેર કરવી આવશ્યક છે. નાયકે સમજાવ્યું કે, 'SBI કાયદેસર રીતે આ ફરજિયાત જરૂરિયાતમાંથી પોતાના માટે કોઈ અપવાદનો દાવો કરી શકતી નથી. CBSE કેસમાં ૨૦૧૨થી શરૂ કરીને ૨૦૨૩માં કિશનચંદ જૈન સુધી, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે, કલમ ૪ ડિસ્ક્લોઝર ફરજિયાત છે. કિશનચંદ જૈન કેસમાં કોર્ટે કાયદાની સુઓમોટુ ડિસ્ક્લોઝર જોગવાઈઓને લાગુ કરવા માટે કેન્દ્ર સરકારે ૨૦૧૩માં પરિપત્ર કરેલ માર્ગદર્શિકાને કાનૂની માન્યતા આપી છે.' નાયકે જણાવ્યું હતું કે, EB સ્કીમને રદ કરવામાં આવી છે, તે યોજનાને અમલમાં મૂકવા માટે બહાર પાડવામાં આવેલી આંતરિક માર્ગદર્શિકા માત્ર




શૈક્ષણિક હિતની છે અને તેમ છતાં SBI કોઈ સમજી શકાય તેવા કારણ વિના અસ્પષ્ટતા પસંદ કરે છે. તે ટાસ્ક ફોર્સના સભ્ય હતા જેણે જાહેર સત્તાવાળાઓ અને નાગરિક સમાજ સાથે વ્યાપક પરામર્શ કર્યા પછી ડિસ્કલોઝર માર્ગદર્શિકા વિકસાવી હતી અને તેણે કહ્યું હતું કે, 'એસબીઆઈ ખુલ્લેઆમ માત્ર પારદર્શિતાના સિદ્ધાંતનો જ નહીં પરંતુ EBs માટે નિર્ધારિત કરેલા પારદર્શિતા સિધ્ધાંત અને RTI કાયદાની કલમ ૪(૧)(બી)ને સખત રીતે અમલમાં મૂકવાનો કોર્ટનો નિર્દેશનો પણ.ભંગ કરતી જોઈને ખૂબ જ નિરાશા થઈ છે.' નાયકે એનકેશમેન્ટના હેતુ માટે અધિકૃત શાખાઓને રજૂ કરેલા ઈલેક્ટોરલ બોન્ડ ઈન્સ્ટ્રુમેન્ટની સંપ્રદાય મુજબની સંખ્યા પણ માંગી હતી જે યોજનાની શરૂઆતથી જ નકલી હોવાનું બહાર આવ્યું હતું. SBIએ તેના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, કોઈપણ અધિકૃત શાખામાં રોકડ રકમ માટે 'કોઈ નકલી ચૂંટણી બોન્ડ' રજૂ કરવામાં આવ્યા નથી. ગયા મહિને એસબીઆઈએ તેમને તમામ સત્તાવાર દસ્તાવેજોના નામ અંગેની માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો પછી ભલે તે કાગળ આધારિત હોય કે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં જાળવવામાં આવે, જેમાં દરેક ઈલેક્ટોરલ બોન્ડ ઉપર અંકિત/મુદ્રિત અનન્ય ઓળખ નંબર તેના વેચાણ સમયે પાત્ર અરજદાર અને વિમોચનના હેતુ માટે પાત્ર રાજકીય પક્ષ દ્વારા તેની રજૂઆત સમયે રેકોર્ડ કરવામાં આવ્યો હતો. તેમણે તમામ સત્તાવાર રેકોર્ડ્સની સુવાચ્ય નકલ માટે પણ વિનંતી કરી હતી જેમાં દરેક પ્રાપ્તકર્તા રાજકીય પક્ષ દ્વારા રિડેમ્પશનના હેતુ માટે જમા કરવામાં આવેલા દરેક ચૂંટણી બોન્ડની વાસ્તવિકતાની ખાતરી કરવા માટે અપનાવવામાં આવેલી પ્રક્રિયાનો સમાવેશ થાય છે. એપ્રિલમાં દિલ્હી સ્થિત એનજીઓ સોસાયટી ફોર સિટિઝન્સ વિજિલન્સ ઈનિશિયેટિવ્સની અંજલિ ભારદ્વાજે પણ SBI પાસેથી ચૂંટણી બોન્ડના વેચાણ અને રિડેમ્પશન અંગેની પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાઓ વિશે માહિતી માંગી હતી ત્યારે પણ અધિનિયમની કલમ ૮.૧(ડી) જણાવતા તેને નકારવામા આવી હતી.

# ગીર સોમનાથના નાખડા ગામે રેવન્યુ વિસ્તારમાં આવી ચડેલ દિપડાને વનવિભાગે પાંજરે પુર્યો





(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૧૫

વેરાવળ તાલુકાના નાવદ્રાની સીમમાં આવેલ નાખડા રેવન્યુ વિસ્તારમંથી વજુભાઈ હાજાભાઈ ખૂંટડની વાડીમાંથી ફરીયાદને આધારે પાંજરા ગોઠવતા ગઈકાલે નર દિપડો આશરે ૫ થી ૯ વર્ષનો પકડી પાડયો છે. અને અમરાપુર એનીમલ કેર સેન્ટર ખાતે મોકલી આપેલ છે. આ રેસ્કયુ ઓપરેશનમાં વેરાવળના આરએફઓ કે.ડી. પંપાણીયા, કે.જે. જોશી, વનરક્ષક વેરાવળ બીટ, પ્રતાપભાઈ ટ્રેકર, રામસંગ ચુડાસમા સહિતના વનવિભાગના સ્ટાફે કામગીરી બજાવી હતી.

# ઉના : મોટરસાયકલ, મોબાઈલ સાથે યુવાનની અટકાયત



ઉના તા. ૧૫ ઊના પંથકમાં ગેરકાયદેસર પ્રવૃતિ બંધ કરવા પોલીસ ઈન્સ્પેક્ટર રાણા ની સૂચના થી ઊના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ પી. એસ.આઈ. જેબલિયા અને પો.કો. રાહુલભાઈ નારણભાઈ છેલના, વિજયભાઈ દૂદાભાઈ ચૌહાણને બાતમી મળતાં ઊના શહેરમાં લુહાર ચોક પાસે એક યુવાન સમીર રમજુભાઈ સરવેયા રે. ટીંબી તા. જાફરાબાદ જિલ્લા અમરેલી વાળા પાસે એક મોટર સાયકલ નંબર GJ 14 AN 4814 ઉપર હોય મોટર સાયકલના કાગળો માગતા ના બતાવતા તેમજ તેની પાસેથી રહેલ મોબાઈલ ફોનનું બીલ માંગતા ના બતાવતા ચોરીનો મુદામાલની શંકાના આધારે રૂા.૨૮૦૦૦/ ની કિંમતનો મુદામાલ કબ્જે કરી અટક કરી પૂછપરછ કરવામાં આવી રહી છે. આ શખ્સ અગાઉ ૨૦૨૩માં સુરત પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી.૩૭૯/ ૧૧૪ના ગુનાનો આરોપી પણ છે.

## બેન્ડ માસ્તરનું અધમ કૃત્ય

# જામનગરની સૈનિક શાળામાં બેન્ડ માસ્તરનું કારસ્તાન સામે આવ્યું

### આખરે બંને બાળકો બેન્ડ માસ્તરના શારીરિક ત્રાસથી કંટાળી આખરે પોતાના વાલીઓ અને શાળાના સ્ટાફને વાત કરી હતી

જામનગર,તા.૧૫

દેશભરમાં જામનગરની સૈનિક શાળા પ્રચલિત છે. મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકને આ શાળામાં પ્રવેશ અપાવવાનું સપનું ધરાવે છે. જામનગરની બાલાચડી સૈનિક શાળામાં ચોંકવાનારી માહિતી સામે આવી છે. આ શાળામાં માસ્તરના કારસ્તાનની માહિતી સામે આવતા શિક્ષણજગત શર્મશાર થયું છે. બાલાચડી શાળામાં બેન્ડ માસ્તર તરીકે ફરજ બજાવતા એક કર્મચારીએ બે બાળકોને ધમકાવી શારીરિક અડપલા કરી પોતાની સાથે બાળકોના હાથ વડે અડપલા કરાવ્યા હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે સ્કુલ પ્રિન્સીપાલ દ્વારા જોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બાલાચડી સૈનિક શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ સૈન્યમાં સૈનિક અને ઓફિસર તરીકેની કામગીરી શિક્ષા પ્રાપ્ત કરતા હોય છે. દેશ માટે પોતાનું બલિદન આપનાર સૈનિકો આ શાળામાંથી જ શિક્ષણ મેળવતા હોય છે. ત્યારે આ શાળા હાલ ચર્ચાનું કેન્દ્ર બની છે.

કારણ છે શાળામાં ફરજ બજાવતા બેન્ડ માસ્તર પવનકુમાર જગદીશકુમાર ડાંગી રહે.જોધપુર રાજસ્થાન વાળા, બેન્ડ માસ્તર દ્વારા શાળામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ સાથે શારીરિક અડપલા કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે શાળાના પ્રિન્સીપાલ શ્રેયશ નિતિનભાઈ મેહતાએ જોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રિન્સીપાલે કરેલ પોલીસ ફરિયાદ મુજબ તા. ૦૭/૦૫/ ૨૦૨૪ ના રાત્રીના નવ વાગ્યાથી તા.૧૨/૦૫/૨૦૨૪ ના વહેલી સવારના છ વાગ્યા દરમ્યાન બેન્ડ માસ્તર પવનકુમાર દ્વારા શાળામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. બેન્ડ માસ્તર દ્વારા આશરે બાર વર્ષની ઉમર ધરાવતા બંને વિદ્યાર્થીઓના ગુપ્ત(શિશ્ન)ના ભાગે હાથ ફેરવી તથા બંન્ને ભોગ બનનારના હાથ આરોપી બેન્ડ માસ્તરએ પોતાના ગુપ્ત(શિશ્ન)ના ભાગે ફેરવાવી શારીરીક અડપલા કર્યા હતા. બેન્ડ માસ્તરે બાળકો સાથે આવું ખરાબ કૃત્ય કરાવ્યા બાદ તેમને કોઈને જાણ ના કરવાની ધમકી આપી હતી.

આખરે બંને બાળકો બેન્ડ માસ્તરના શારીરિક ત્રાસથી કંટાળી આખરે પોતાના વાલીઓ અને શાળાના સ્ટાફને વાત કરી હતી. આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ શાળાના આચાર્યએ તાત્કાલિક પગલા લઈ પોલીસમાં ફરિયાદ નોંધાવી. પોલીસે આરોપી બેન્ડ માસ્તર સામે આઈપીસી કલમ-૫૦૪, ૫૦૬ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનીયમ ૨૦૧૨ ની કલમ-૮ મુજબ ફરિયાદ નોંધી ધરપકડ કરવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ બનાવને લઈને સૈનિક શાળા જીલ્લાભરમાં ચર્ચાનું કેન્દ્ર બની છે.

## કર્ણાટકમાં ટેલિવિઝન કાર્યક્રમમાં સમુદાય વિરુદ્ધ FIR

# ન્યૂઝ ચેનલ અને તેના એક એન્કર વિરૂધ્ધ FIR દાખલ કરવામાં આવી

### ફરિયાદી તનવીર અહેમદે ૧૧ મેના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે પ્રસારિત થયેલા એક કાર્યક્રમને લઈને આ ફરિયાદ નોંધાવી હતી

કર્ણાટક,તા.૧૫

કર્ણાટકમાં એક ટેલિવિઝન કાર્યક્રમમાં સમુદાય વિરુદ્ધ નફરત ફેલાવવા બદલ ન્યૂઝ ચેનલ અને તેના એક એક્કર વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, હિન્દુઓની ઘટતી જતી વસ્તી અને મુસ્લિમોની વધતી વસ્તી અંગેના અહેવાલને ખોટી રીતે રજૂ કરવાને કારણે આ ફરિયાદ તાજેતરમાં દાખલ કરવામાં આવી હતી. ફરિયાદી તનવીર અહેમદે ૧૧ મેના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે પ્રસારિત થયેલા એક કાર્યક્રમને લઈને આ ફરિયાદ નોંધાવી હતી. એક્કર આર્થિક સલાહકાર પરિષદના કાર્યકારી પેપર પર આધારિત એક કાર્યક્રમ રજૂ કરી રહ્યો હતો જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે ૧૯૫૦ થી ૨૦૧૫ વચ્ચે હિન્દુઓની વસ્તીમાં ૭.૮ ટકાનો ઘટાડો થયો છે.કાર્યક્રમ દરમિયાન હિંદુ વસ્તીની ટકાવારી દર્શાવવા માટે પૃષ્ઠભૂમિમાં ત્રિરંગાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જ્યારે મુસ્લિમ વસ્તીની ટકાવારી દર્શાવવા માટે પાકિસ્તાની ધ્વજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પાકિસ્તાની મુસ્લિમ વસ્તીની ટકાવારી દર્શાવવા માટે પણ પાકિસ્તાની ધ્વજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફરિયાદ અનુસાર, એક્કરે કાર્યક્રમમાં એમ પણ કહ્યું કે ભારતમાં મુસ્લિમોની વસ્તી વધવાનંપ કારણ એ છે કે મુસ્લિમોના લગ્ન માટે કોઈ ન્યૂનતમ ઉંમર નથી. જો બાળલગ્ન સામે સમાજ કલ્યાણ વિભાગમાં ફરિયાદ કરવામાં આવે તો ઈસ્લામિક પર્સનલ લોને કારણે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આ ફરિયાદના આધારે એક્કર અને ન્યૂઝ ચેનલ વિરુદ્ધ કલમ ૫૦૫(૨) હેઠળ રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે.

## ઉના: સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયનું ગૌરવ



ઉના તા. ૧૫

ઊના શહેમાં સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયરમાં ધોરણ ૧૦(SSC) માં અભ્યાસ કરતી સુપ્રિયા શિવદત્ત ભાઈ ભટ્ટીએ બોર્ડની પરિક્ષા આપી હતી અને પરિણામ જાહેર થતાં તેમણે ૯૯,૨૮PR અને ૯૪, ૬૬ ટકા મેળવી A1 ગ્રેડ મેળવી સમગ્ર શાળામાં પ્રથમ નંબરે પાસ થઈ હતી . તેમણે ગણિતમાં ૧૦૦માંથી ૯૯ અને વિજ્ઞાનમાં ૧૦૦માંથી ૯૮માર્ક મેળવી તેમણે તેમના પરિવાર અને શાળા અને સમગ્ર વાણંદ સમાજનું ગૌરવ વધાર્યું છે. તેમના પિતા દરજી કામ કરી સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી પિતા તરીકે ફરજ બજાવી રહ્યા છે.

# જૂનાગઢમાં રૂા.૧૨,૦૦૦/- ની કિંમતનો ખોવાયેલ મોબાઈલ નેત્રમ શાખા દ્વારા શોધી અપાયા




જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ રેન્જના આઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જિલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

દરમ્યાન અરજદાર અમરબીન ઈભરાહીમભાઈ મજરૂમ જૂનાગઢના વતની હોય, અમરબીનભાઈ ઓટો રિક્ષા ચલાવી પોતાનું તથા પોતાના પરીવારનું ગુજરાન ચલાવતા હોય અમરબીનભાઈ ગાંધીચોકથી કાળવા ચોક પોતાની ઓટો રિક્ષા લઈ જતા હોય તે દરમ્યાન તેમનો રૂા. ૧૨,૦૦૦/- ની કિંમતનો **Redmi** કંપનીનો C53 મોબાઈલ ફોન રસ્તામાં ક્યાંક પડી ગયેલ હોય અમરબીનભાઈએ તે મોબાઈલ ફોન શોધવાનો પ્રયત્ન કરેલ પરંતુ મોબાઈલ ફોન મળી આવેલ નહિ. તેઓ જે રૂટ પરથી પોતાની ઓટો રિક્ષા લઈ પસાર થયેલ તે રૂટ પર પણ તપાસ કરેલ પરંતુ મોબાઈલ ફોન મળી આવેલ નહી તથા અમરબીનભાઈનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ થઈ ગયેલ હોય જેથી ખોવાયેલ મોબાઈલ ફોન કેવી રીતે શોધવો? આ મોબાઈલ ફોન તેમણે પરસેવાની કમાણીથી ખરીદેલ હોય અને તેમના અગત્યનાં ડેટા સેવ કરેલ હોય અને તે મોબાઈલ ફોન ભવિષ્યમાં મળવો ખૂબ જ મુશ્કેલ હોય જેથી તેઓ ખૂબ વ્યથીત થઈ ગયેલ હતા. આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જૂનાગઢ હેડ કવા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા, પો.કોન્સ. વિજયભાઈ છૈયા, તરૂણભાઈ ડાંગર, એન્જીનીયર રિયાઝભાઈ અંસારી સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી અમરબીનભાઈ જે રૂટ પરથી પોતાની ઓટો રિક્ષા લઈ પસાર થયેલ તે સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ CCTV ફૂટેજની મદદથી ચેક કરતા અમરબીનભાઈનો મોબાઈલ ફોન આઝાદ ચોક પાસે પડતો હોય તેવું CCTV માં નજરે પડેલ, ત્યારબાદ તુરંત જ એક અજાણ્યા બાઈક ચાલક દ્વારા તે મોબાઈલ ફોન ઉઠાવી લેવાનું સ્પષ્ટ ધ્યાને આવેલ હતું.

નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા તે વ્યક્તિનો આગળનો રૂટ ચેક કરતા તે અજાણ્યો વ્યકિત રજી. નં. GJ-37-A-3429 સાઈન બાઈક લઈને આવેલ હોય તેવું જાણવા મળેલ હતું. જેથી તાત્કાલીક જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા તે બાઈક ચાલકનો સંપર્ક કરી પોલીસની ભાષામાં પૂછપરછ કરતા તે મોબાઈલ ફોન તેમની પાસે હોવાનું જણાવેલ હતું અને જૂનાગઢ પોલીસ દ્વારા તે બાઈક ચાલકને ઠપકો પણ આપવામાં આવેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા અમરબીનભાઈનો મોબાઈક ફોન શોધી રીકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને અમરબીનભાઈ મજરૂમે જણાવેલ કે તેમને આ મોબાઈલ ફોન પરત મળે તેવી આશા પણ ના હતી, અને આટલી ઝડપથી આ મોબાઈલ ફોન પોલીસે શોધી આપતા અમરબીનભાઈએ જૂનાગઢ પોલીસનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# ધો.૧૦ની પરીક્ષામાં ગાંધીગ્રામ ગરબી મંડળની બાળાએ ઝળહળતી સફળતા મેળવી



જૂનાગઢ તા.૧૫

ગાંધીગ્રામ ગરબી મંડળના કાર્યકર્તા મેણસીભાઈ વાજાની પુત્રી સંજનાએ ધો.૧૦ માં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા તેને શુભકામના સાથે અભિનંદન પાઠવવામાં આવી રહયા છે. તાજેતરમાં ધો.૧૦નું પરિણામ જાહેર થયું છે જેમાં ગાંધીગ્રામ ગરબી મંડળના કાર્યકર્તાની દિકરી અને આ ગરબી મંડળની બાળા સંજના મેણસીભાઈ વાજાએ ૯૮.૧૬ ટકા અને ૯૯.૯૯ પીઆર મેળવ્યા છે. ઝળહળતી સફળતા પ્રાપ્ત કરનાર દિકરી સંજનાએ કે.જી.થી કોન્વેન્ટ સ્કુલમાં અભ્યાસ કરેલ છે. અને ધો.૧૦ માં ઝળહળતી સફળતા તેણે પ્રાપ્ત કરી છે. ત્યારે આ દિકરીએ ગાંધીગ્રામ ગરબી મંડળ તેમજ ગાંધીગ્રામ વિસ્તારનું પણ નામ રોશન કર્યુ છે અને આ દિકરી ઉત્તારોતર પ્રગતિ કરે અને કારકિર્દીનું ઘડતર કરે તેવી મા ભગવતીને પ્રાર્થના સાથે આ દિકરીનો શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે તેમ ગાંધીગ્રામ ગરબી મંડળના વીરાભાઈ મોરીની યાદીમાં જણાવેલ છે.

## ગુજરાતમાં બેરોજગારીના આંકડાએ હદ વટાવી

# PSI-લોકરક્ષક ભરતી માટે ૧૨,૨૭૨ સામે અધધ ૧૫ લાખ અરજી

### વાયબ્રન્ટ ગુજરાત રોજગારીનું કેન્દ્ર વાક્ય એ કહેવા પૂરતું જ

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં રોજગારીની અનેક તકો છે તેવા સરકારના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. ત્યારે હકીકત તો એ છે કે આજેય ગુજરાતમાં બેરોજગારો નોકરી માટે ફાંફા મારી રહ્યા છે. હાલમાં પીએસઆઈ અને લોકરક્ષક માટે કુલ ૧૨,૨૭૨ જગ્યાની ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ છે ત્યારે આજદીન સુધી પોલીસ રિક્રુટમેન્ટ બોર્ડને અધધધ કહી શકાય તેટલી ૧૫ લાખ અરજીઓ મળી છે. આ પરથી ગુજરાતમાં બેરોજગારીનુ અસલી ચિત્ર ઉપસી આવ્યુ છે.

વર્ષ ૨૦૨૩નું વર્ષ ભરતી બોર્ડના નામે પૂર્ણ કરાયુ હતું. ત્યારબાદ આ વર્ષે લોકસભા ચુંટણીની અગાઉ ઉમેદવારોએ વારંવાર રજૂઆત કરી સરકારને કઠેડામાં ઉભી કરી દીધી હતી. આખરે લોકસભા ચુંટણી જાહેર થાય એ પહેલા સરકાર સફાળી જાગી હતીને ૧૨મી માર્ચે ૨૦૨૪ના રોજ ૧૨,૨૭૨ જગ્યાની પોલીસ સંવર્ગની ભરતી બહાર પાડવામાં આવી હતી. હવે ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે ટ્વિટ કર્યુ હતુકે, ઓગસ્ટ સપ્ટેમ્બરમાં લોકરક્ષક તથા પીએસઆઈ માટે અરજી ફરી મંગાવવામાં આવશે.

શૈક્ષણિક લાયકાત, ઉંમર સહિતના કારણોસર કારણોસર અરજી ન કરી શકે તે ઉમેદવારને અરજી કરવાની તક મળશે. સબ ઈન્સ્પેક્ટરના પદ માટે ઉમેદવાર પાસે સ્નાતકની ડિગ્રી હોવી જોઈએ જયારે લોકરક્ષક કેડરની નોકરી માટે ધો.૧૨ પાસ હોવું જરૂરી છે.

સરકારી નોકરી મેળવવાનુ સપનુ સાકાર કરવા શિક્ષિત યુવાઓ તનતોડ મહેનત કરે છે. સાથે સાથે ગાંધીનગર જેવા શહેરમાં પોલીસ- પીએસઆઈની તૈયારી માટેના કોચિંગ ક્લાસમાં રૂપિયા ૩૦-૪૦ હજાર ફી ચૂકવે છે. સાથે સાથે ખાનગી લાઈબ્રેરીમાં વાંચન માટે રૂપિયા હજાર-બારસો ચૂકવે છે. હોસ્ટેલ ફી અલગ.આમ,શિક્ષિત યુવાઓ સરકારી નોકરી મેળવવા મહેનતની સાથે ખર્ચ પણ કરે છે. આ દરમિયાન, જો પેપરલીક થાય તો યુવાઓની મહેનત પાણીમાં જાય છે. ઉલ્લેખનીય છેકે, લોકરક્ષકની પરિક્ષાનું પેપર લીક થયુ હતું.

ગુજરાતમાં શિક્ષિત યુવા બેરોજગારોની સંખ્યા દિનદિને વધતી જાય છે. કેલેન્ડર મુજબ સરકારી નોકરીની ભરતી થતી નથી ત્યારે બેરોજગારોની દશા કફોડી બની છે કેમકે, કડી મહેનત અને પૈસા ખર્ચ્યા પછી ય પરિણામ મળતુ નથી આખરે નાછૂટકે યુવાઓને ખાનગી નોકરી મેળવવા મજબૂર થવુ પડે છે. આ તરફ, પોલીસ રિક્રુટમેન્ટ બોર્ડને અત્યાર સુધી પીએસઆઈ માટે ૪.૫ લાખ એને લોકરક્ષક દળ માટે ૯.૮૩ લાખ અરજીઓ મળી છે. ૧૫મી સપ્ટેમ્બર બાદ આખીય પ્રક્રિયા શરૂ થશે. ફિઝીકલ ટેસ્ટ ઓકટોબર-નવેમ્બરમાં લેવાય તેવી સંભાવના છે.

ટૂંકમાં, પીએસઆઈ અને લોકરક્ષક દળ માટે અરજીઓનો ઢગલો થયો છે તે જોતા ચોક્કસ કહી શકાય કે, ગુજરાતમાં બેરોજગારની સમસ્યાએ ફેણ માંડી છે તે અસલિયત ભાજપ સરકાર છુપાવી શકે તેમ નથી.

## વોલમાર્ટની છટણી

# કંપનીએ વધુ સ્ટોર્સ બંધ કરી કેટલાક કામદારોને સ્થળાંતર કરવા કહ્યું

નવીદિલ્હી,તા.૧૫

વોલમાર્ટ સેંકડો કોર્પોરેટ નોકરીઓ કાપી રહ્યું છે કારણ કે તેણે તેના મોટાભાગના રિમોટ વર્કર્સને ઓફિસ પર પાછા ફરવાનું કહ્યું હતું, એવું નોંધવામાં આવ્યું હતું. જાણકાર લોકોને ટાંકીને, વોલ સ્ટ્રીટ જર્નલે અહેવાલ આપ્યો કે વિશ્વના સૌથી મોટા રિટેલર અને અમેરિકાના સૌથી મોટા ખાનગી એમ્પ્લોયર ત્રણ ટેક હબમાં કામદારોને પણ સ્થળાંતર કરવા માટે કહી રહ્યા છે.વોલમાર્ટ યુ.એસ.માં લગભગ ૪,૬૦૦ સ્ટોર્સ ચલાવે છે અને વર્ષની શરૂઆતમાં આશરે ૨.૧ મિલિયન સહયોગીઓને રોજગારી આપે છે, તેમ તેણે નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યું હતું.કંપનીએ એપ્રિલ ૨૦૨૩માં કહ્યું હતુ કે તે ૨૦૨૬ સુધીમાં તેના ૬૫% સ્ટોર્સને ઓટોમેશન દ્વારા સેવા આપવાનું જુએ છે. ત્યારથી, વોલમાર્ટ ડાઉનસાઈઝ કરી રહ્યું છે અને ડિસેમ્બર ૨૦૨૨ માં, વોલમાર્ટના સીઈઓ ડગ મેકમિલને રોકાણકારોને કહ્યું હતું કે સ્વચાલિત વેરહાઉસ ઘણો સમય દૂર કરશે. જે કામદારો મર્ચેન્ડાઈઝના વર્ગીકરણમાં ખર્ચ કરે છે.બિઝનેસ ઈનસાઈડરે અહેવાલ આપ્યો છે કે વોલમાર્ટ મે મહિનામાં બે એરિયા સ્ટોર તેમજ મિલવૌકીમાં નેબરહુડ માર્કેટ બંધ કરશે અને ૨૦૨૪માં આઠમાં પુષ્ટિ થયેલ બંધ લાવશે તેમ આ આવ્યું છે. અહેવાલમાં જણાવાયું છે કે કેલિફોર્નિયામાં ચાર, મેરીલેન્ડમાં એક અને ઓહિયોમાં એક સ્ટોર બંધ કર્યા બાદ વિસ્કોન્સિન અને કેલિફોર્નિયા રાજ્યમાં છટણીની નોટિસ દાખલ કરવામાં આવી હતી.

### ધોરણ - ૧૦ પછી શું કરવું ?

# તા. ૧૮ મે શનિવારના રોજ AVPTI, રાજકોટ ખાતે ડિપ્લોમા-એન્જિનિયરિંગ એડમિશન-માર્ગદર્શન સેમિનાર યોજાશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૫

આગામી તા. ૧૮ મે શનિવારના રોજ અગ્રણી સરકારી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજ AVPTI, રાજકોટ અને ACPDC દ્વારા સવારે ૧૧.00 વાગ્યે અને તા. ૨૨ મે બુધવારના રોજ સવારે ૧૧.00 વાગ્યે કોલેજ ખાતેના સૅમિનાર હોલ, કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટ, એ વી પારેખ ટેકનિકલ ઈન્સ્ટીટયુટ, હેમુ ગઢવી હોલ સામે, ટાગોર રોડ, રાજકોટ ખાતે ધોરણ-૧૦ પછી ડિપ્લોમા એન્જિનિયરિંગ તેમજ ITI/TEB પછીના CtoD એડમીશન પ્રક્રિયા તેમજ કારકિર્દી માર્ગદર્શન અર્થે આ બે સેમિનારનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. આ સેમીનારમાં ACPDC દ્વારા કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયાના ડિપ્લોમા એન્જિનિયરિંગના એડમિશન માટે જરૂરી સંપૂર્ણ માહિતી જેવી કે ક્યાં ડોક્યુમેન્ટની જરૂર પડશે ? ઓનલાઈન એડમિશન ફોર્મ ભરવું ? તથા એ.વી.પી.ટી.આઈ રાજકોટ ખાતે ચાલતા વિવિધ અભ્યાસક્રમો જેવા કે કોમ્પ્યુટર, ICT, ઈ.સી, ઈલેકટ્રીકલ, રિન્યુએબલ એનર્જી , બાયો-મેડીકલ, આઈ.સી, કોમ્પ્યુટર એઈડેડ કોસ્ચ્યુમ ડીઝાઈન એન્ડ ડ્રેસ મેકિંગ અને જેવા વિવિધ એન્જીન્યરીંગ બ્રાંચના લાભ અને તકો અંગેની માહિતી તેમજ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓના પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. આ સમગ્ર આયોજન દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓને સંપૂર્ણ માર્ગદર્શન અનુભવી પ્રોફેસરો અને તજજ્ઞોની નિષ્ણાત ટીમ દ્વારા આપવામાં આવશે તો બધા વાલી અને વિદ્યાર્થીઓ આ કાર્યક્રમોનો લાભ લેવા સમયસર હાજર રહેવા AVPTI, રાજકોટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ભાણવડના શિવ બળદ આશ્રમના તમામ બળદોને પીરસાયા ૧૬00 કિલો





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫

ભાણવડની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શિવ બળદ આશ્રમમાં આશ્રય લઈ રહેલ વૃદ્ધ અને અશક્ત બળદો માલિકો દ્વારા તરછોડાયા બાદ છેલ્લા દિવસો મોજથી વિતાવી શકે તેવા ઉમદા આશયથી શિવ બળદ આશ્રમમાં બળદોને અલગ-અલગ પ્રકારનું મેનુ પીરસાય છે. થોડા દિવસો પહેલા ૧૦૦૦ કિલો તરબૂચ અને હાલ અહીં આશ્રય લઈ રહેલ ૮૦ જેટલા બળદોને વનપાક ૧૬૦૦ કિલો કેળા પીરસાય હતા.

બળદની જિંદગીના અંતિમ દિવસો ખૂબ આનંદથી અને સારી રીતે વિતે તેવી સેવા ભાવનાથી શિવ બળદ આશ્રમના સભ્યોએ છેલ્લા દોઢ વર્ષથી આ બીડું ઝડપ્યું છે, જે ખૂબ પ્રશંસનીય બની રહ્યું છે.

### સુરતથી ધાર્મિક વિધિ કરવા પરિવાર નર્મદા કિનારે આવ્યો હતો

# સુરતના એક જ પરિવારના ૭ લોકો પોઇચા પાસે નર્મદા નદીમાં ડૂબ્યા

### એક વ્યક્તિને સ્થાનિક લોકોએ બચાવી લીધો હતો પરંતુ અન્ય સાત વ્યક્તિ નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી

સુરત, તા.૧૫

ગુજરાતમાં નદી-તળાવમાં ડૂબી જવાની દુર્ઘટનાનો સિલસિલો જારી રહ્યો છે. સૌરાષ્ટ્રના પોરબંદર પછી રવિવારે નવસારીમાં દાંડીના દરિયામાં ન્હાતી વખતે ચાર લોકોના મોત પછી મંગળવારે રાજપીપળા પાસે પોઈચામાં નર્મદા નદીમાં ન્હાવા પડેલા સાત લોકો ડૂબી ગયા હતા. સુરતનો એક પરિવાર પોઈચા આવ્યો હતો તેમની સાથે આ કરૂણાંતિકા સર્જાઈ હતી. મૂળ અમરેલીના રહેવાસી અને હાલ સુરત રહેતા આહિર સમાજના એક જ કૌટુંબિક પરિવાર મંગળવારે સવારે રાજપીપળા પાસે આવેલા પોઈચા ગામે સ્વામિનારાયણ મંદિર તેમજ અન્ય ધાર્મિક સ્થાનોના દર્શનાર્થે અને વિધિવિધાન કરાવવા નીકળ્યા હતા. પોઈચા નજીક નર્મદા નદીમાં પરિવાર ન્હાવા ઉતર્યા હતા. તેઓ નદીમાં સ્નાન કરી રહ્યા હતા એ દરમ્યાન અચાનક ઊંડાણવાળી જગ્યા પર પહોંચતા એક બાદ એક વ્યક્તિ પાણીમાં ગરકાવ થવા લાગતા બૂમાબૂમ કરી મૂકી હતી. દરમિયાન સ્થાનિક તરવૈયાઓએ મગનભાઈ નાનાભાઈ જીંજાળા અને કુસ્કી મગનભાઈ જીંજાળાને બચાવી લીધા હતા. જ્યારે ભરત મેઘાભાઈ બલદાણીયા (ઉ.વ ૪૫), એમનાં બે પુત્રો આરનવ ભરતભાઈ બલદાણીયા (ઉ.વ.૧૨), મૈત્રક્ષ ભરતભાઈ બલદાણીયા (ઉ.વ.૧૫), વ્રજ હિંમતભાઈ બલદાણીયા (ઉ.વ.૧૧), આર્યન રાજુભાઈ જીંજાળા (ઉ.વ.0૭), ભાર્ગવ અશોકભાઈ હડિયા (ઉ.વ.૧૫), ભાવેશ વલ્લભભાઈ હડીયા (ઉ.વ.૧૫) ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સ્થાનિક તરવૈયાઓએ ઘણી મેહનત કરી પરંતુ એમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આ ગોઝારી ઘટનાને પગલે ત્યાં હાજર અન્ય પરિવારજનોએ રોકકડ કરી મૂકી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે ૨થી ૩ કલાક સ્થાનિક તરવૈયાઓ અને રાજપીપળા નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમે શોધખોળ કરી તે છતા એમનો કોઈ પત્તો ન લાગતાં આખરે NDRFની ટીમોએ સઘન શોધખોળ આદરી છે.જાણકારોના મતે પરિવારના ૮ સદસ્યમાં ૩ નાના બાળકો હતા. રાજપીપળા ટાઉન પોલીસ, રાજપીપળા નગરપાલિકાના ફાયર ફાઈટર્સ ઉપરાંત વડોદરાની ફાયર બ્રિગેડની ટીમ અને એનડીઆરએફની ટીમની પણ મદદ લેવામાં આવી રહી છે.

આમ મૂળ અમરેલીના રહેવાસી અને હાલ સુરત રહેતા આહિર સમાજના એક જ પરીવારનાં ૭ લોકોનાં નર્મદા નદીમાં ડુબી જવાથી નાના એવા ગામમાં ગમગીનીનું મોજુ ફરી વળ્યું છે. કહેવત છે કે ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે!

# જૂનાગઢમાં કેસર કેરીના પાકને મોટાપાયે નુકસાન

જૂનાગઢ,તા.૧૫

જૂનાગઢના વંથલી પંથકમાં રાત્રિના સમયે ફૂંકાયેલા ભારે પવનના કારણે કેસર કેરીના પાકને મોટા પાયે નુકસાન થયું છે. વંથલીના ધંધુસર ગામ સહિત આસપાસના વિસ્તારમાં આંબા પરથી કેરીનો પાક ખરી પડ્યો છે. હજુ પણ ૨૪ કલાક તોફાની પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ખેડૂતો ચિંતાતૂર બન્યા છે. કેરીના ઉત્પાદન માટે ખેડૂતોને વીઘા દીઠ બે હજાર રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. જોકે માવઠુ વરસતા ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું છે. એક તો ગત વર્ષની સરખામણીએ આ વર્ષે કેરીનું ઉત્પાદન ઓછું હતું. તેમાંય હવે માવઠુ વરસતા ઉત્પાદનમાં વધુ ઘટાડાનો અંદાજ છે. કેરી પકવતા ખેડૂતોએ સરકાર તાત્કાલિક નુકસાનીનો સર્વે કરી સહાય ચૂકવે તેવી માંગ કરી છે.

# ખંભાળિયાના રઘુવંશી અગ્રણી દ્વારા આવતીકાલે જગતમંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫

ખંભાળિયાના મૂળ વતની અને હાલ આણંદ રહેતા ગં.સ્વ. પ્રભાબેન પ્રાણજીવન દતાણીના સુપુત્ર હિતેશકુમાર પ્રાણજીવનભાઈ દતાણી (અજંતા એગ્રો અને રાજાધિરાજ ડેવલપર્સ - આણંદ) દ્વારા ગુરૂવાર તારીખ ૧૬ ના રોજ દ્વારકાના વિશ્વવિખ્યાત જગત મંદિરના શિખર પણ નૂતન ધ્વજારોહણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગુરુવારે સવારે ૭ વાગ્યે ધ્વજા પૂજન, ૮ વાગ્યે શોભાયાત્રા અને ૯ વાગ્યે દ્વારકાધીશ મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ બાદ બપોરે ૧૨:૩૦ વાગ્યે પ્રસાદના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં સહભાગી થવા નિમંત્રિતોને હિતેશકુમાર પ્રાણજીવનભાઈ દતાણી પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### અવસાન નોંધ

વેરાવળ નિવાસી હાલ રાજકોટ દશા સોરઠીયા વણિક સ્વ.ભોગીલાલ પ્રભુદાસ શાહ(માંડવીયા)(ઉ.વ.૭૫)તે સ્વ.પ્રભુદાસ કપુરચંદ શાહના પુત્ર, સ્વ.પ્રવિણચંદ્ર રતિલાલ ગગલાણી અને રસિકભાઈ રતિલાલ ગગલાણીના જમાઈ, નલીનીબેન ભોગીલાલ શાહના પતિ, સ્વ.રમેશભાઈ, શ્રીમતી ઈન્દીરાબેન ચંદ્રકાંત જસાપરા, બીપીનભાઈ, સ્વ.કુસુમબેન જીતેન્દ્રભાઈ વંકાણી, સ્વ.વિજયભાઈ, સ્વ.સોનલબેન લલીતભાઈ ગાંધીના ભાઈ, ગૌરવભાઈ, કરણભાઈ અને પારૂલબેન આશિષકુમાર પારેખના પિતાશ્રી તથા ઉર્વશીબેન અને પાયલબેનના સસરા તા.૧૩-૫-૨૦૨૪ સોમવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૬-૫-૨૪, ગુરૂવારના રોજ સાંજે ૪-૩૦ થી ૬-૩૦ કલાકે સોપાન લકઝુરીયા, ડ્રીમસીટી પાસે, રૈયા હિલ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

# ખંભાળિયામાં હજ પઢવા જતા હાજીઓ માટે આવતીકાલે કેમ્પ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫

ગુજરાત સરકારના ગુજરાત રાજ્ય હજ કમિટી મારફત હજ ૨૦૨૪ માં હજ પઢવા જનારા દેવભૂમિ દ્વારકા તથા પોરબંદર જિલ્લાના હાજીઓ માટે આગામી ગુરૂવાર તારીખ ૧૬ ના રોજ ખંભાળિયામાં પોરબંદર રોડ પર નૂરાની મસ્જિદ પાસે આવેલા પઠાણ જમાત ખાના ખાતે હજ ટ્રેનિંગ તથા મેડિકલ બુકલેટ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં દરેક હાજીઓએ જરૂરી દસ્તાવેજો સાથે હાજરી આપવા ગુજરાત રાજ્ય હજ કમિટીના ફિલ્ડ ટ્રેનર ઈરફાનભાઈ ભંડેરીની એક યાદીમાં જણાવાયું છે. આ અંગેની વધુ માહિતી માટે ૯૪૨૬૬૭૪૪૫૪ અને ૯૪૨૭૭૭૪૪૫૪ નો સંપર્ક સાધનો વધુમાં જણાવાયું છે.

# જૂનાગઢના નામચીન બુટલેગર ધીરેન કારીયા વિરૂધ્ધ નકલી પાસપોર્ટ બનાવી છેતરપીંડી કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટરા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢના નામચીન બુટલેગર ધીરેન કારીયાએ નકલી પાસપોર્ટ બનાવીને છેતરપીંડી કરી હોવાની ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગતો અનુસાર જૂનાગઢના નામચીન બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા રહે.રાયજીબાગ નોબલ ક્રાઈમ એપાર્ટમેન્ટ જૂનાગઢવાળા વિરૂધ્ધ જૂનાગઢ એ ડીવીજન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ઉમરશાહરૂખ ઈકબાલહુશેન સીદીએ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી ધીરેન કારીયાએ જતીન રમેશ સોનીના નામના કોઈપણ રીતે ખોટા ડોક્યુમેન્ટ બનાવી આ કિંમતી દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ કરી મહારાષ્ટ્ર મુંબઈ ખાતેથી મુખ્ય દસ્તાવેજ ભારતીય પાસપોર્ટ નંબર W7011754 નો કોઈપણ રીતે કઢાવી ખોટા નામનો ઉપયોગ કરી છેતરપીડી કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ઈપીકો કલમ ૪૧૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, પાસપોર્ટ અધિનીયમ કલમ ૧૨(૧)(ખ)મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે અને પીએસઆઈ ઓ.આઈ.સીદી વધુ તપાસ ચલાવી રહયા છે.

# માળીયા હાટીનાના વડાળા ગામે પાડો ખરીદી પૈસા નહી આપી છેતરપીંડી કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

માળીયા હાટીના તા.૧૫

માળીયા હાટીનાના વડાળા ગામે રહેતા યુવાન પાસેથી પાડો ખરીદી પૈસા નહી આપી છેતરપીંડી કર્યાની ફરીયાદ માળીયા હાટીના થાણે નોંધાઈ છે. આ અંગે માળીયા હાટીના પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર વડાળા ગામે રહેતા નરેન્દ્રભાઈ હરસુરભાઈ કામળીયાએ ફરીયાદમાં આરોપી તરીકે અમરભાઈ હાજીભાઈ જીકાણી રહે.ડારી વેરાવળ તેમજ કમલેશ ઉર્ફે રમેશભાઈ પુનાભાઈ શામળા રહે.વેરાવળવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદી એ તેમનો પાડો વેચવાનો હોય જેથી તેમના મોબાઈલ ફોન ઉપર પીપળાના પાન નામની એપ્લીકેશનમાં પાડા નો ફોટો તથા રકમ સાથેની જાહેરાત મુકેલ હતી. જેના આધારે આઆરોપી નં. ૧ ના અમરભાઈ હાજીભાઈ જીકાણી મો.૯૩૫૧૪૧૪૬૦૧ વાળાએ ફરીયાદીને ફોન કરી રૂ.૬૫૦૦૦/- માં પાડો લેવાનુ ફોન ઉપર નક્કી કરી અને હાલ ચુંટણી આચાર સંહીતા હોવાના કારણે રોકડ રકમ આપી શકાય તેમ ન હોય ચેક આપવાનુ જણાવી આરોપી નં.૨ ના કમલેશ ઉર્ફે રમેશભાઈ પુનાભાઈ શામળા રહે.વેરાવળ વાળો ફરીયાદીના ઘરે આવી ચેક આપી ફરીયાદીને વિશ્વાસમાં લઈ ફરીયાદીનો પાડો તેમની ફોર્સ પીકઅપ વાહન રજી.નંબર-GJ 11 Z 2148 વાળીમાં લઈ ગયેલ અને ફરીયાદીએ બેંકમાં ચેક વટાવતા ચેક રીટર્ન થયેલ જેથી આરોપીઓને કહેતા આરોપીઓએ ખોટા બહાના કરી ખોટા વાયદા આપી ફરીયાદીને તેનો પાડો વેચેલ તેની રકમ રૂ.૬૫૦૦૦/- નહી આપી ફરીયાદી સાથ છેતરંપીડી તથા વિશ્વાસઘાત કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા માળીયા હાટીના પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ગઢવીએ હાથ ધરી છે.

# જૂનાગઢ : દારૂના ખોટા વહીવટ બાબતે હુમલો કર્યાની ૩ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૫

મધુરમ બાયપાસ નજીક યુવાન પર દારૂના ખોટા વહીવટ બાબતે હુમલો કર્યાની ફરીયાદ સી ડીવીઝન થાણે નોંધાઈ છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ સ્ટેશને રીયાઝ સલીમભાઈ નાગોરી(ઉ.વ.૨૩) રહે.મધુરમ વિદ્યાનગર સોસાયટી, અર્પણ એપાર્ટમેન્ટની પાછળ, બ્લોક નં.૫૧વાળાએ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓ અલ્ફેજ હાલા, અકીલ હાલા, નવાજ હાલા રહે.બધા ચોબારીવાળાઓએ અગત્સય હોસ્પિટલની સામે, ચોબારી ગામની બહાર બનેલા બનાવમાં ફરીયાદીને ઈંગ્લીશ દારૂના ખોટા વહીવટ બાબતે શંકા કરી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી આરોપી નં.૩ નવાજ હાલાએ લીમડાની ડાળી વડે તથા આરોપી નં.૨ અકીલ હાલાએ લાકડી વડે તથા આરોપી નં.૧ અલ્ફેજ હાલાએ ઢીંકા પાટુથી ફરીયાદીને શરીરે આડેધડ મુંઢ માર માર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ચૌહાણે હાથ ધરી છે.

# બનાસકાંઠાના ડીસામાં ઈ-બાઈકની બેટરીમાં વિસ્ફોટ થયો

### બનાસકાંઠાના ડીસાની બજરંગ નગર સોસાયટીમાં રહેતા મહેશભાઈએ ૧૫ મહિના પહેલા ૮૦ હજાર રૂપિયામાં બેટરી ઓપરેટેડ ઈ-બાઈક ખરીદી હતી

બનાસકાંઠા, તા.૧૫

ઈ-બાઈકમાં લગાવેલી બેટરીને ચાર્જ કરવાની હોય છે, પરંતુ જ્યારે ચાર્જીંગ દરમિયાન બેટરી ફાટવા જેવી ઘટના બને છે ત્યારે લોકોમાં તેની સુરક્ષાને લઈને અનેક સવાલો ઉભા થાય છે. બેટરી વિસ્ફોટ બાદ બાઈકના માલિકે કહ્યું કે ઈ-બાઈકનો ઉપયોગ જીવતા બોમ્બ સમાન છે. ગુજરાતના બનાસકાંઠાના ડીસામાં ઈ-બાઈકની બેટરીમાં વિસ્ફોટ થયો હતો. ઈ-બાઈકની બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટનો અવાજ સાંભળીને આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જ્યારે બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે ત્યાં કોઈ હાજર નહોતું.ઈ-બાઈકની બેટરી ચાર્જ કરતી વખતે થયેલા આ બ્લાસ્ટને કારણે બેટરીથી ચાલતા વાહનોની સુરક્ષાને લઈને અનેક સવાલો ઉભા થયા છે. બનાસકાંઠાના ડીસાની બજરંગ નગર સોસાયટીમાં રહેતા મહેશભાઈએ ૧૫ મહિના પહેલા ૮૦ હજાર રૂપિયામાં બેટરી ઓપરેટેડ ઈ-બાઈક ખરીદી હતી.મહેશભાઈની દીકરીએ ઈ-બાઈકની બેટરી કાઢીને ઘરની ગેલેરીમાં ચાર્જમાં મૂકી દીધી હતી. પાંચ મિનિટ પછી બેટરીમાં એવો વિસ્ફોટ થયો કે શરૂઆતમાં લોકોને એવું લાગ્યું કે જાણે નજીકમાં ક્યાંક બોમ્બ ફૂટ્યો હોય. બ્લાસ્ટનો અવાજ સાંભળતા જ લોકો એકઠા થઈ ગયા અને જાણવા મળ્યું કે ઈ-બાઈકની બેટરી ફાટી ગઈ હતી.વિસ્ફોટનો અવાજ સાંભળીને લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બેટરીમાં લાગેલી આગને તાત્કાલિક કાબુમાં લીધી હતી. બ્લાસ્ટ એવો થયો કે બેટરીના પાર્ટ્સ શોધવા પણ મુશ્કેલ થઈ ગયા. ઈ-બાઈકના માલિક મહેશ ભાઈએ વિસ્ફોટની ઘટના બાદ કહ્યું હતું કે ભગવાનનો આભાર કે બેટરી ફાટતી વખતે મારી પુત્રી ઈ-બાઈક ચલાવી રહી ન હતી. બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે બ્લાસ્ટ થયો હતો અને નજીકમાં કોઈ હાજર નહોતું.મહેશ ભાઈએ જણાવ્યું હતું કે ઈ-બાઈકની બેટરી ચાર્જ કરતી વખતે જે રીતે ફાટી જાય છે તે રીતે ઈ-બાઈકનો ઉપયોગ જીવતા બોમ્બ સમાન છે. તમને જણાવી દઈએ કે દેશમાં વધતા પ્રદૂષણ અને પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતોને ધ્યાનમાં રાખીને ઈ-બાઈકને શ્રેષ્ઠ વિકલ્પ માનવામાં આવે છે.

# ચીની વસ્તુઓની આયાત પર ૧૦૦ ટકા સુધીનો ટેક્સ લાદવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૧૫

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને ચીનથી આયાત થતા સામાન પર ૧૦૦ ટકા સુધીનો ટેક્સ લગાવવાની જાહેરાત કરી છે. ઈલેક્ટ્રિક વાહનો, બેટરી, સ્ટીલ, સોલાર સેલ અને એલ્યુમિનિયમ પર ભારે ટેરિફ લાદવામાં આવ્યા છે. આ સાથે અમેરિકાએ ચીનથી આયાત થતા ઈલેક્ટ્રિક વાહનો પર ૧૦૦ ટકા ટેક્સ, સેમિકન્ડક્ટર પર ૫૦ ટકા ટેક્સ, બેટરી પર ૨૫ ટકા ટેક્સ, સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેક્સ અને સોલર પેનલ પર ૫૦ ટકા ટેક્સ લગાવ્યો છે.વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનમાંથી રાષ્ટ્રને સંબોધનમાં બિડેને કહ્યું હતું કે અમેરિકા તેને જોઈતી કોઈપણ પ્રકારની કાર ખરીદવાનું ચાલુ રાખી શકે છે, પરંતુ અમે ચીનને ક્યારેય આ કારોના બજાર પર અન્યાયી રીતે નિયંત્રણ કરવાની મંજૂરી આપીશું નહીં. તેમણે કહ્યું, "હું ચીન સાથે વાજબી સ્પર્ધા ઈચ્છું છું, સંઘર્ષ નહીં. "અમે ચીન સામે ૨૧મી સદીની આર્થિક સ્પર્ધા જીતવા માટે અન્ય કોઈ કરતાં વધુ મજબૂત સ્થિતિમાં છીએ કારણ કે અમે ફરીથી અમેરિકામાં રોકાણ કરી રહ્યા છીએ.'' તમને જણાવી દઈએ કે ચીને ઉપરોક્ત તમામ ઉત્પાદનો પર મોટી સબસિડી આપી છે, જેના કારણે ચીનની કંપનીઓ બાકીના વિશ્વ કરતાં વધુ ઉત્પાદન કરવા પ્રેરિત થઈ હતી. બિડેને જણાવ્યું હતું કે ચીને અયોગ્ય રીતે નીચા ભાવે વધારાના ઉત્પાદનોને બજારમાં ફેંકી દીધા હતા, જેનાથી વિશ્વભરના અન્ય ઉત્પાદકોને વ્યવસાયમાંથી બહાર નીકળી ગયા હતા. કિંમતો ગેરવાજબી રીતે ઓછી છે કારણ કે ચીની કંપનીઓને નફાની ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે

# જૂનાગઢ -શેખ પરિવારનું ગૌરવ



જૂનાગઢ તા.૧૫

મૂળ જૂનાગઢ ના હાલ અમદાવાદ રહેતા શેખ ઝહિર અબ્બાસ કાદરમિયા ની પુત્રી રૂસદાબાનુ એ ધોરણ ૧૦માં ઉચ્ચ પરિણામ મેળવી ૯૬.૫૧(PR) સાથે ઉત્તિર્ણ થઈ શેખ પરિવાર અને મુસ્લિમ સમાજ નું ગૌરવ વધારેલ છે જે બદલ તેમને સમગ્ર પરિવાર તરફથી અભિનંદન પાઠવામાં આવેલ છે.

### ચોમાસું હવે નજીક આવી રહયું છે ત્યારે ગટર, પાણી અને ગેસની પાઈપ લાઈન નાંખવા માટે ખોદવામાં આવેલા

# જૂનાગઢમાં માર્ગો રીપેર નહી થાય તો ભારે હાલાકીનો સામનો કરવો પડશે : તંત્ર જાગે...







જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં ગટર, પાણી અને ગેસની લાઈન નાંખવાની કામગીરી મોટેપાયે ચાલી રહી છે અને જેને લઈને રસ્તાઓ ખોદવામાં આવે છે પરંતુ આ કામગીરી થયા બાદ રસ્તાને વ્યવસ્થીત રીતે સમથળ નહી કરવામાં આવે તો ચોમાસામાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે જેથી આ બાબતે તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી ઉઠવા પામી છે. જૂનાગઢ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અનેક વિસ્તારોમાં ગટર, પાણી અને ગેસની પાઈપ લાઈન ફીટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે અને આ કામગીરી અંતર્ગત રસ્તાઓને ખોદવામાં આવી રહયા છે. આ કામગીરી અંતર્ગત જૂનાગઢ રેલ્વે સ્ટેશનથી સુખનાથ ચોક વિસ્તારમાં ભુગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે અને આ કામગીરી અંતર્ગત પાઈપ લાઈન ફીટ કરાયા બાદ માથે ધુળ પાથરી દેવામાં આવી રહી છે પરંતુ રસ્તાની કામગીરી સમથળ હજુ કરવામાં આવી નથી અને છેક રેલ્વે સ્ટેશન સુધી રસ્તાઓ ઉપર ખાડાઓ અને ધુળના રફા જોવા મળે છે અને જયારે અનેક વિસ્તારોમાં ખાસ કરીને જુદી જુદી પાઈપ લાઈન ફીટ કરવાની કામગીરીને લઈને રસ્તાઓ ખોદી નાંખવામાં આવેલ છે. ભલે પાઈપ લાઈન નાંખવાની કામગીરી થતી હોય તો આવકાર દાયક છે પરંતુ તેની સાથે કામગીરી પુરી થયા બાદ રસ્તાની વ્યવસ્થિત પાલીસ કરવું જોઈએ તેવી માંગણી ઉઠી છે. એક તરફ ચોમાસુ નજીક આવી રહયું છે ત્યારે આ ચોમાસું શરૂ થાય તે પહેલા જ આ રસ્તાઓને યોગ્ય રીતે રીપેરીંગ કે સમથળ કરવામાં નહી આવે તો લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે.

# જૂનાગઢમાં વિલીંગ્ડન ડેમના કિનારે એક સાથે આઠ સિંહો દેખાયા : દુર્લભ ઘટના





**રહેણાંક વિસ્તારમાં અવાર નવાર દેખા દેતા સીટી ગૃપનું ઝુંડ દેખાતા લોકોને સિંહ દર્શનનો લાભ મળ્યો**

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરમાં જંગલની નજીક આવેલા વિસ્તારોમાં અવાર નવાર સિંહ પરિવાર દેખા દેતો હોય છે. કયારેક એક, કયારેક બે તો કયારેક ત્રણ જેટલી સંખ્યામાં સિંહો જોવા મળે છે પરંતુ ગઈકાલે જૂનાગઢના વિલીંગ્ડન ડેમના કિનારે ભાગ્યે જ બનતી ઘટના બનવા પામી હતી. સાંજના પાંચેક વાગ્યાના અરસામાં એક સાથે ૮ જેટલા સિંહોએ પડાવ નાંખ્યો હતો. સીટી ગૃપના નામે ઓળખાતા આ સિંહોને નિહાળવા માટે લોકો એકઠા થયા હતા અને સિંહ દર્શનનો લાભ લીધો હતો.

ઉનાળાની શરૂઆત થતા જ પાણીની તરસ છીપાવવા તેમજ ગરમીની સામે રાહત મેળવવા અને ઠંડક માટે સિંહનો પરિવાર આસપાસના રેવન્યુ વિસ્તારમાં આવી ચડતો હોય છે ખાસ કરીને જંગલની નજીક આવેલા રહેણાંક વિસ્તારોમાં એટલે કે રેવન્યુ વિસ્તારમાં જયાં પાણીના સ્ત્રોત હોય તેવા વિસ્તારમાં અવાર નવાર સિંહોના ઝુંડ જોવા મળે છે.

ઉનાળાનો આકરો તાપ અને સખત ગરમીને લઈને એક તરફ જનજીવન ત્રાહીમામ પોકારી ઉઠે છે તો બીજી તરફ વન્ય પ્રાણીઓને પણ ભારે તકલીફ પડતી હોય છે. વન વિભાગ દ્વારા જંગલ વિસ્તારમાં તેમજ સાસણ ખાતે પણ પાણીના સ્ત્રોત ઉભા કરવામાં આવતા હોય છે અને પાણીની વ્યવસ્થા થતી હોય છે દરમ્યાન જૂનાગઢ નજીક આવેલા જંગલ વિસ્તારમાંથી રેવન્યુ વિસ્તાર તરફ આવતા સીટી ગૃપ તરીકે ઓળખાતા સિંહનો પરીવાર વિલીંગ્ડન ડેમના કિનારે, દાતારની સીડી, ભવનાથ વિસ્તાર ઉપરાંત ધરારનગર નજીક જંગલ વિસ્તાર, બીલખા રોડ સહિતના વિસ્તારમાં અવાર નવાર જોવા મળે છે. દરમ્યાન ગઈકાલે સાંજના પાંચ કલાકના આસપાસ સીટી ગૃપનો સિંહ પરિવાર ડેમના કિનારે વિહરતા જોવા મળ્યા હતા અને આ સિંહ પરિવારને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો આવી પહોંચ્યા હતા. આ સિંહ પરિવારને કેમેરામાં કેદ પણ કરવામાં આવ્યા હતા. ઉનાળામાં ઠંડક અને પાણીની તરસ છીપાવવા માટે આવતા આ સિંહ પરિવાર અવાર નવાર દેખા દેતો હોય છે અને સાંજે સુર્યાસ્ત થયા બાદ નજીકના જંગલ વિસ્તારમાં જતો રહેતો હોવાનું પણ જાણવા મળે છે.

**(તસ્વીર અહેવાલ : અમ્માર બખાઈ)**

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ક્રાંતિકારી સંત પ.પૂ.શ્રી મુક્તાનંદજી બાપુની પ્રેરણા અને
ગુજરાતનાં પ્રખર શિક્ષણ શાસ્ત્રી શ્રી ગિજૂભાઈ ભરાડનું સીધું માર્ગદર્શન
બ્રહ્મચારીશ્રી ભગવતીનંદજી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
BET
SPORTS AUTHORITY OF GUJARAT
શ્રી બ્રહ્માનંદ વિદ્યા મંદિર - ચાપરડા
સફળતા એ તમારો જન્મસિદ્ધ અધિકાર છે...મુક્તાનંદ બાપુ
ધોરણ 12 સાયન્સ રિઝલ્ટ
BOARD TOPPERS
ખટાણા કિરણ 99.64 PR
રાઠોડ યશ 99.12 PR
બારડ ધ્રુવ 99.38 PR
પ્રજાપતિ જયેશ 99.10 PR
ધાંધલ કરણ 98.87 PR
બાવનીયા કિરણ 98.53 PR
રાઠોડ રાજ 98.41 PR
ચાવડા પિયુષ 98.27 PR
ભાસ્કર મયંકા 98.08 PR
વાઘેલા ઉન્નતિ 98.08 PR
વાજા પ્રકાશ 97.89 PR
કામી રાજેશ 96.51 PR
પ્રવેશ ચાલુ છે
કાર્યક્ષેત્ર
ધો.5 થી 12
કોમર્સ
સાયન્સ
હોસ્ટેલ સાથે
ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલની અલગ અલગ સુવિધા
ધોરણ 12 આર્ટસ કોમર્સ રિઝલ્ટ
ચૌહાણ મિરા 97.56 PR
ભેડા કાજલ 89.53 PR
વઘાસીયા કેવિન 89.42 PR
આપણી શાળાનું પરિણામ 98.91%
ધોરણ 10 રિઝલ્ટ
વાજા દર્શના A1 97.40 PR
ભરાડ દેવાંગ A1 97.40 PR

| | |
|---|---|
| ગુજરાત બોર્ડનું પરિણામ | :- 82.45 % |
| જુનાગઢ જિલ્લાનું પરિણામ | :- 85.22 % |
| આપણી શાળાનું પરિણામ | :- 92.53 % |

બોર્ડ ટોપર્સ

| | | |
|---|---|---|
| 1. | ખટાણા કિરણ. | 99.64 Pr |
| 2. | બારડ ધ્રુવ. | 99.38 Pr |
| 3. | રાઠોડ યશ. | 99.12 Pr |

| | |
|---|---|
| ગુજરાત બોર્ડનું પરિણામ | :- 82.56 % |
| જુનાગઢ જિલ્લાનું પરિણામ | :- 76.26 % |
| આપણી શાળાનું પરિણામ | :- 96.29 % |

બોર્ડ ટોપર્સ

| | |
|---|---|
| 1. વાજા દર્શના બુધ્ધિલાલ | 97.40 Pr. ગ્રેડ A1 |
| 2. ભરાડ દેવાંગ કૌશિકભાઈ | 97.40 Pr. ગ્રેડ A1 |
| 3. પઢીયાર ક્રિષ્ના કાનજીભાઈ | 96.84 Pr. ગ્રેડ A2 |

| | |
|---|---|
| A1 ગ્રેડ મેળવતા વિદ્યાર્થીઓ | :- 02 |
| A2 ગ્રેડ મેળવતા વિદ્યાર્થીઓ | :- 17 |
| 99 કે તેથી વધુ Pr. મેળવતા વિદ્યાર્થીઓ | :- 04 |
| 95 કે તેથી વધુ Pr. મેળવતા વિદ્યાર્થીઓ | :- 15 |
| 90 કે તેથી વધુ Pr. મેળવતા વિદ્યાર્થીઓ | :- 22 |
| 80 કે તેથી વધુ Pr. મેળવતા વિદ્યાર્થીઓ | :- 34 |

90 કે તેથી વધુ માર્ક મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા

| | |
|---|---|
| ભૌતિક વિજ્ઞાન. | :- 67 માંથી 07 |
| રસાયણ વિજ્ઞાન. | :- 67 માંથી 19 |
| જીવ વિજ્ઞાન . | :- 54 માંથી 03 |
| ગણિત | :- 13 માંથી 10 |
| કોમ્પ્યુટર. | :- 67 માંથી 20 |

દરેક વિષય મુજબ ઉચ્ચ ગુણ

| | |
|---|---|
| ભૌતિક વિજ્ઞાન | :- 95 |
| રસાયણ વિજ્ઞાન | :- 99 |
| જીવ વિજ્ઞાન. | :- 95 |
| ગણિત. | :- 100 |
| અંગ્રેજી | :- 80 |
| કોમ્પ્યુટર | :- 99 |

ગુજકેટ ટોપર્સ (120 માર્ક માંથી)

| | |
|---|---|
| 1 રાઠોડ યશ. | :- 112.50 |
| 2 પ્રજાપતિ જયેશ | :- 111.25 |
| 3 રાઠોડ રાજ. | :- 106.75 |

ગુજકેટમાં 120 માંથી 100 કે તેથી વધુ માર્કસ મેળવતા કુલ 8 વિદ્યાર્થીઓ.

S.S.C

| | |
|---|---|
| 95 કે તેથી વધુ Pr. મેળવતા વિદ્યાર્થીઓ | :-02 |
| 90 કે તેથી વધુ Pr. મેળવતા વિદ્યાર્થીઓ | :-09 |
| 85 કે તેથી વધુ Pr. મેળવતા વિદ્યાર્થીઓ | :-18 |

90 કે તેથી વધુ માર્ક મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા

| | |
|---|---|
| વિજ્ઞાન | :- 06 |
| ગણિત | :- 100/100 |
| ગણિત | :- 07 |
| સામાજિક વિજ્ઞાન | :- 01 |
| ગુજરાતી | :- 01 |
| હિન્દી | :- 01 |

દરેક વિષય મુજબ ઉચ્ચ ગુણ :

| | |
|---|---|
| વિજ્ઞાન | :- 98 |
| ગણિત | :- 100 |
| સામાજિક વિજ્ઞાન | :- 92 |
| ગુજરાતી | :- 91 |
| હિન્દી | :- 93 |

જુનાગઢ વિસાવદર હાઈવે ચાપરડા તા. વિસાવદર જિ. જુનાગઢ
ધો. 5 થી 12 કોમર્સ સંપર્ક : 02873 222280 / 81 94291 62106
સાયન્સ સંપર્ક : 94092 98939